

સૈનિક
વિજયનગરનું શોભનશિલ્પ
આલેખક · કૃષ્ણા ખત્રી


કુમાર

માર્ચ '૪૫ ૨૫૫

૦-૧૦-૦

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત



બુદ્ધના અવશેષ ચિત્રકાર · સોમાલાલ શાહ

(શ્રી યશવંત પંડ્યાના સંગ્રહમાંથી–તેમના તથા કલાકારના સૌજન્યથી)



પ્રકાશન તા. ૧૫-૩-૧૯૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઇ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં આર. આર. શેઠની કં. તથા એન એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

સમય જાણવાનાં સાધનો—અનાદિ કાળથી આજ સુધી



કોઈ પૂછે કે કેટલા વાગ્યા? અને ઘડિયાળમાં જોઇ આપણે કહીએ છે છ. એ જુનો વખત કાંઇ ઘડિયાળનો સર્જેલો નથી. એનો અર્થ એ કે સૂર્ય બરોબર માથે આવ્યો તે ક્ષણ પછીથી છ કલાક વીત્યા. અનાદિ કાળથી માણસ સૂર્યની ગતિ પરથી જ વખતનું માપ કાઢતો આવ્યો છે. ઉપલી હારમાં પહેલા ચિત્રમાં બતાવ્યા મુજબ શરૂમાં માણસ સૂર્યના ઉદય, અસ્ત, અને આકાશમાંની તેની વચગાળાની સ્થિતિ પરથી અંદાજે વખત સમજી લેતો. પછી પોતાના કે જમીનમાં ખોડેલી લાકડીના પડછાય ના લંબાણ પરથી માપ ગણતો થયો, અને ધીમેધીમે એ જ પડછાયાનું માપ વધુ ચોક્કસ રૂપમાં જાણવા લાકડાનાં ને પત્થરનાં સૂર્ય-છાયાયંત્રો યોજ્યાં. પછી તો (બીજી હારમાં બતાવ્યા પ્રમાણે) એ છાયાયંત્રને વિકસાવી તે મકાનની ભીંત પર, આંગણા કે બગીચામાં ઓટલી પર તેમજ નાનકડું ગજવામાં રાખી શકાય તેવું પણ બનાવ્યું. પરંતુ છાયા તો માત્ર દિવસે જ મળી શકે; પણ રાત્રે શું થાય? તે માટે પાણી, રેતી, અગ્નિ વગેરે સાધનોનો તેણે ઉપયોગ કર્યો. પાણી ભરેલા મોટા વાસણમાં ઝીણા વેહવાળું ચોક્કસ માપનું નાનું વાસણ મૂકી તે ડૂબે ત્યારે (એક ઘડી) અમુક સમય વીત્યો એમ ગણવા તેણે ઘટિકાયંત્ર બનાવ્યું; અને યંત્રકામની યોજનાથી જળ-ઘડિયાળ પણ બનાવ્યાં. ત્રીજી હારમાં બતાવેલી ઝીણા વેહ વાટે કાચના એક ગોળામાંથી બીજા ગોળામાં પડતી રેતીની શીશી તો આપણે જોઈ છે. એ ઉપરાંત મીણબત્તી પર ચોક્કસ માપના પટ્ટા પાડ્યા. તે સળગતી જાય તેમ વીતતો વખત આંક વડે દર્શાવતી ઓછી થતી જાય. એવી જ બીજી યોજના સળગતી દોરીની કરી; જે ટૂંકી થતી જાય તેમ ચોક્કસ વખતે એક ગાંઠ આવે. એ જ પ્રકારની ત્રીજી યોજના આંકાવાળી કાચની શીશીમાં ભરેલા તેલના દીવાની કરી. તેલ બળતું જાય તેમ તેના ઓછા થવાના આંકા શીશી પર અમુક કલાક દર્શાવતા જાય. પછી તો દાંતાનાં ચક્કર ગોઠવી તેને વજન લગાડીને આજની યાંત્રિક ઘડિયાળનો પાયો નાખ્યો, અને આજે કાંડાઘડિયાળથી માંડી મોટાં ટાવરો સુધીનાં ઘડિયાળો આપણા જીવનનું અંગ બની ગયાં છે.

જિંદગી રહી ધડકી

· પૃથ્વી ·

નિરભ્ર અવકાશમાં પ્રખર ગ્રીષ્મના હાંફતા
દિને, નયન ઠેરવું અમીટ ઝંખતા હાર્દથી
ઈશાનમહિં, રે ક્યહીં ચમકઠેક વિદ્યુત્ તણી
લહાય, સહરા તણી અગન જેવી લાગી તૃષા.

અચિંત ડમરી ચડી ધુળની પર્ણની ભીષણ,
પછાડ કંઈ દીધ તે ઉઝરડા પડ્યા અંગમાં,
ગયાં નયન કર્ણ સૌ કરણ અંધતા-ગર્તમાં,
લહી અગણ ગૂંગળામણની મૃત્યુ કેરી ક્ષણ.

અને ક્યહીંક ચાર બુંદ હજુ તો પડ્યાં ના પડ્યાં,
સુતપ્ત ધરણીથી છમછમ કરંત ઊડી ગયાં:
અરે અસહ દાહનાં અહિતહીં ચકામાં પડ્યાં,
સહિષ્ણુ પર અટ્ટહાસ્ય તણી ચાંપી મુદ્રા યથા.

પરાભવ કરી તથાપિ સહુનો, કશી જિંદગી
રહી ધડકી આદિનાં નિજ શઊર શ્રદ્ધા થકી!

રાજેન્દ્ર શાહ

વસંત

· પૃથ્વી ·

વિતી હિમ તણી મહા ઝપટ અંગને ઠારતી,
તજી અસહ બંધનો કિરણ-અંગુલીઓ વતી
પુષ્પ સજવતો રૂડાં વસન આજ વાસંતીને
ઠર્યા મનુજબાળનો શ્રમ વિદારવા વાંછતો.
પરંતુ ઋતુરાજને અવગણી પશુ શાં બની
ભુખ્યાં વરુ સમાં જનો અમુક ભૂમિના સ્વાર્થમાં,
ભરે જુઠડી ભાવના યુવક સૌ મહીં, ને વદે
'લડો, મરી ફીટો સ્વદેશ-અભિમાનને કારણે.'

લડે જલ, ભૂ, દ્યૌ પરે, મનુજ વારિની ભીતરે,
સજી મરણ-વેરતાં વિવિધ શસ્ત્રયંત્રો નવાં,
કરે કીચડ માનવી-રગત, માંસ, મજ્જા તણા,
કસુંબલ ઉની ઉની મનુજ રક્તછોળો ઉડે;
થતા ગરક હોરીના રમણમાં વસંતે જનો
અરે! કુસુમ કેસુડાં તજી સ્વબંધુના લોહીથી.

યશવંત ઠાકર

માત્ર માભોમ દિલને બિછાને

જ્યાં લગી હાથ બંદૂક આ સોહતી,
જ્યાં લગી કાર્તુસો યે રહી જોઇતી,
ત્યાં લગી ફિકર શી ભૂખ કે ટાઢની?
ત્યાં લગી ફિકર શી ઠઝળપાટો તણી?
રે અમો સર્વ મિસ્કીન બેઝારને
માત્ર માભોમ દિલને બિછાને.

લૂટનો લોભ ના, કીર્તિનો મોહ ના;
કૂચ જારી રહો એ જ આજે તમા;
બૂટ સાજાસમાં, કુવ્વતી બાવડાં,
ને પગે જોમસંચાર હો સર્વદા;
રે અમો સર્વ મિસ્કીન બેઝારને
માત્ર માભોમ દિલને બિછાને.

પંથ વેરાન, થીજેલ વા તપ્ત હો,
કંટકે પૂર્ણ, રેતાળ, ખડકાળ હો,
શો મરી ફીટવા નીકળેલા દિલે
રંજ એનો રહ્યો મુક્તિને કારણે?
રે અમો સર્વ મિસ્કીન બેઝારને
માત્ર માભોમ દિલને બિછાને.

ફિકરની આજ ફાકી કરી પી ગયા,
ઊંઘ-આરામ સૌ મુક્ત વેચી થયા,
માત્ર માભોમની મૃણ્મયી ગોદમાં
પોઢવાની રહી આખરી ઝંખના
રે અમો સર્વ મિસ્કીન બેઝારને
માત્ર માભોમ દિલને બિછાને.

અશોક હર્ષ

[પોલિશ કવિ લાડીસ્લાવ બ્રોનીએવ્સ્કીના 'Song of a Polish Soldier' પરથી]

તારી માયા

· ઉપજાતિ ·

ધૂર્તત્વની ગાજ ગને વિંટાય,
ને બાલભાવે નિરખે ય અન્ય;
ગર્વિત્વની યે પ્રતિમા બનું છું,
તો દૈન્યથી અન્ય વયસ્ય કોપે.

આનંદધૂની ગણ કોઈ લેખે,
કો ભાળતા મૂક સમાન ભાવ;
આદર્શઘેલો ગણતા નરો કો,
તો અન્ય પ્રાજ્ઞો વ્યવહારકીટ.

વૈવિધ્ય, વૈષમ્ય પ્રભો! જનોમાં
નિહાળતાં ચિત્ત પ્રસન્ન થાય;
તારી અનિર્વચ્ય કલા કહી છે,
આકંઠ તેની ય પ્રતીતિ થાય.

માયા કહી ભક્ત અનેક ગાય,
પ્રત્યક્ષ, સ્વામી, પરચો જણાય

તનસુખ ભટ્ટ

ઇંગ્લંડના અભિજાત કલાચાર્ય

ઇંગ્લંડની કલાસંસ્થાઓમાં અનેરા પ્રૌઢત્વ તથા સંસ્કારની છાયા ઉતારનાર અને પોતાના યુગની સંસ્કૃતિના પ્રતિનિધિ રૂપ લગભગ બધા જ પ્રધાન પુરુષોને બહુ મૂલ્યવાન, લક્ષણવંતી રેખાછબિઓમાં આલેખનાર વિખ્યાત અંગ્રેજ કલાકાર સર વિલિયમ રોથેનસ્ટાઇનનું ગઇ તા. ૧૪મી ફેબ્રુઆરીએ ૭૩ વર્ષની વયે અવસાન થયું. ઇંગ્લંડની રૉયલ કૉલેજ ઑાવ આર્ટ્સના પ્રિન્સિપાલ તરીકે પંદર વર્ષ લગી સેવાઓ આપી ઇ. ૧૯૩૫માં તે નિવૃત્ત થયા હતા. હિંદુસ્તાનના તે અતીવ ગુણાનુરાગી હતા. ઈ. ૧૯૧૦માં તે હિંદ આવેલા અને કલકત્તાથી બનારસ સુધી ફરેલા. એ દરમ્યાનમાં તેમણે હિંદુસ્તાનની પુરાણી સંસ્કૃતિનાં કેટલાંક સ્વરૂપોનો અચ્છો પરિચય મેળવ્યો તથા ટાગોર કુટુંબ સાથે સંસર્ગ સાધ્યો. તેમની સંસ્કારપ્રેમીતા સર્વદેશીય હતી અને તેમનું વાચન વિશાળ હતું. ટાગોરનાં કાવ્યોથી મુગ્ધ થઇ તેમણે પોતાના મિત્ર વિખ્યાત કવિ યીટ્સ મારફત અંગ્રેજ પ્રજાને એમની સર્ગશક્તિનો પરિચય કરાવ્યો; અને ટાગોરને ઇંગ્લંડમાં આમંત્રી અંગ્રેજ સાહિત્યસૃષ્ટિમાં તેમનાં કાવ્યોનો પ્રકાશ પ્રથમ પ્રચારવાનું માન તેમને જ છે. આ ઉપરાંત અનેક હિંદી વિદ્યાર્થીઓ તથા મિત્રોના ગાઢ પરિચયમાં તેઓ હતા અને તેમને માટે યથાશક્તિ શ્રેયકાર્ય કરતા. પ્રખ્યાત નૃત્યકાર શ્રી ઉદયશંકર તો તેમના એક પટ્ટશિષ્ય હતા અને આન્ના પાવલોવાના આગ્રહથી ઉદયશંકર ચિત્રકળા છોડી રંગમંચ તરફ વળ્યા ત્યારે તેમને બહુ દુઃખ થએલું. કલકત્તાની કલાશાળાના પ્રિન્સિપાલ શ્રી મુકુલચંદ્ર દે પણ તેમના શિષ્યવર્ગમાંના છે. એમનું સમગ્ર જીવન વિદ્યા, કલા અને સંસ્કારની ઉપાસનામાં જ વ્યતીત થયું હતું. હિંદી કલા ને શિલ્પના તો તે પરમ ભક્ત હતા.

ઇ. ૧૮૭૨ના જાન્યુઆરીની ૨૯મી તારીખે ઇંગ્લંડના યૉર્કશાયર પરગણાના બ્રૅડફર્ડ ગામે તેમનો જન્મ થયો. ૧૯મી સદીના પ્રારંભમાં તેમના વડવાઓ જર્મનીથી આવી ત્યાં વસેલા, અને તેમના પિતા મૉરિત્ઝ રૉથેન્સ્ટાઇન કાપડના શ્રીમંત વેપારી હતા. નાનપણથી જ બાજુનાં જંગલો અને ખંડેરોમાં ભટકવું તથા ચિત્રો કરવાં એ તેમનો શૉખ હતો અને તેમાંથી જ તેમની સ્વસ્થ અને કડક નિયમનવાળી પ્રકૃતિ ઘડાઇ હતી. તેમના પિતા ઉદાર અને સરલ હતા, પણ માતાની પ્રકૃતિ જલદ અને તાજરમાન હતી. પિતા સુંદર પરીકથાઓ કહેતા અને તેમાં બહુ રસ ઉપજાવતા.

ભણવામાં વિલિયમ ઠંડા વિદ્યાર્થી હતા. પહેલે વર્ષે એક ઈનામ મળી ગયું તે મળી ગયું. પણ પછી આર્થર બુરેલ નામના એક બહુશ્રુત શિક્ષક આવ્યા તેમણે શેક્સપીઅરના અને અન્ય સાહિત્ય પ્રતિ શૉખ ઉપજાવ્યો. પિતા રોજ રાત્રે સૂતી વખતે દીવા બંધ કરાવી દે; પણ જેવો પિતાનો ખંડ બંધ થાય કે પાછા પોતાના દીવા સતેજ કરી, નબળી આંખ છતાં વાંચવાનું ચાલુ થાય. ઘેરથી નિશાળમાં ખાવાનું લેવા પૈસા મળતા તે બધા જૂનાં થોથાંરિયાં ખરીદવામાં વપરાતા. તેમાંથી જૂની ચિત્રછાપો અને પૂંઠા ઉપરનાં આલેખનોની તે સુંદર નકલો કરતા. તેમની ઇચ્છા નહિ, છતાં ઘર તરફથી સંગીત શીખવાની યોજના થઈ; પણ વાયોલિનની દોરીઓ તૂટવા માંડી છતાં હાથે કામઠી ન બેઠી તે ન જ બેઠી અને સંગીત પડતું મૂક્યું. પરંતુ બીજી બાજુ વિદ્વાનોનાં ભાષણોમાં જવાનો શૉખ વધતો ગયો અને સાથેસાથે જાતજાતના સંગ્રહો પણ કરવા માંડ્યા. તે જોઇ એક સ્થાનિક ચિત્રશિક્ષકે કહ્યું કે આ પ્રકારના માણસના શૉખ તેની કલાવૃત્તિ દર્શાવે છે. તે દિવસથી તેમના મનમાં ચિત્ર માટે નવો જ ઉમળકો પેદા થયો.

પંદર વર્ષનું એમનું વય થયું ત્યારે એમના વિદ્યાપ્રેમની બધાને પ્રતીતિ થઇ. પણ ધંધામાં એમને જરા યે રુચિ હતી નહિ. રંગ અને પેન્સિલના પ્રયોગો વધી પડ્યા હતા. કટાક્ષ ને ટીખળના લોકપ્રિય પત્ર 'પંચ'માંથી જાણીતા કલાકારોનાં ચિત્રોની નકલો હોંશથી કરવા માંડી હતી. એક વાર તો થોડાં ચિત્રો 'પંચ'ના વિખ્યાત કાર્ટૂનિસ્ટ (કટાક્ષ-કલાકાર) હૅરી ફર્નિસ ઉપર મોકલ્યાં. તેમણે જવાબ આપ્યો: 'તારામાં ચોક્કસ પ્રકારની બુદ્ધિ છે; પણ ચિત્રો અચોક્કસ પ્રકારનાં છે.'

એ વખતે બાવેરિયા (જર્મની)ના એક કાષ્ઠશિલ્પીના પુત્ર હ્યુબર્ટ હર્કોમરે બુશી નગરમાં ચિત્રશાળા જમાવી હતી, ત્યાં જવાનું આકર્ષણ થયું. પિતાની મરજી તો તેને પ્રવીણ વેપારી બનાવવાની હતી, પણ વાચન અને ચિત્ર સિવાય બીજું કાંઈ એને પસંદ નથી એમ જોઈ તેમણે પ્રો. હર્કોમર ઉપર એનાં ચિત્રો અભિપ્રાય માટે મોકલ્યાં. ત્યાંથી જવાબ આવ્યો: 'એક વર્ષ લગી તમારે ત્યાંની સ્થાનિક કળાશાળામાં અભ્યાસ કરે અને પછી તે મારી પાસે ખુશીથી આવે.' એમના જેવા પુરુષ તરફથી આટલી ખાત્રી મળી એટલે પિતાએ તે પ્રમાણે વ્યવસ્થા કરવા કબૂલ્યું.

એ કાળમાં ગામની સ્થાનિક કળાશાળામાં તો શું હોય? પર્સ્પેક્ટિવ (દૃષ્ટિબંધારણ). ફ્રી હૅન્ડ ડ્રૉઇંગ (મુક્ત રેખાંકન) અને કેટલાંક સુશોભનચિત્રોની નકલો ચાલતી. પર્સ્પેક્ટિવ તો ગમતું જ નહિ. એનું કારણ કદાચ એ હશે કે ગણિતનો જરા યે શૉખ નહોતો. પણ ખૂબી તો એ છે કે ખુદ ગણિતના શિક્ષક જ માનતા કે આ છોકરામાં કોઈ અપૂર્વ શક્તિ છે, અને તેથી તેને ઉત્તેજન આપતા. કળાશિક્ષક તો ચોસલાં ને પીરામિડો ચીતરી તેમાં શેડ (છાયાઓ) ભર્યે રાખવાનો આગ્રહ કરતા; જ્યારે ભાઇના મનમાં તો એમ જ થતું કે ક્યારે સરસ ક્રેયૉન લઇને રૂપાળાં મોં અને માનવ આકૃતિઓ ચીતરૂં!

થોડા વખત પછી નજીકના એક શહેરમાં જ્યૂબિલી પ્રદર્શન થયું તે જોવા ગયા. તેમાં નામી ચિત્રકાર હૉગાર્થનું આલેખેલું એક પોર્ટ્રેટ (તસ્વીર-ચિત્ર) હતું તે બહુ ગમ્યું, એટલે ચીતરવા માંડ્યું. પણ રખેવાળે આવી એકદમ અટકાવી કહ્યું કે ચિત્રકારોની રજા લેવી જોઈએ. એ પરથી એ વખતના ધુરંધરો ગણાતા કલાકારો લેઈટન અને આલ્મા ટૅડેમાને તેમનાં ચિત્રોની નકલો કરવાની રજા માગતા પત્રો લખ્યા. અને એ પ્રસિદ્ધ પુરુષોએ જવાબ પણ આપ્યા. આ ચિત્રાલય ઉપરાંત બાજુમાં એક જાપાની મથક હતું, જ્યાં જાપાની વાસણો બનતાં તથા જાપાની કલાકૃતિઓનું એક સંગ્રહસ્થાન હતું. ત્યાંથી પૂર્વની કળાનો પ્રથમ પરિચય થયો.

એક વાર માન્ચેસ્ટર જવાનું થયું. ત્યાંનું પ્રદર્શન જોઈ તેમની ઊર્મિઓ ઉભરાઈ પડી. કોઇ પ્રવાસીને નવાનવા દેશો જોતાં જેવો આનંદ પડે તેવો આનંદ તેમને ત્યાંનું એકેએક ચિત્ર જોતાં થયો.

તેમનો નાનો ભાઈ આલ્બર્ટ પણ આ જ માર્ગે વળ્યો હતો, અને બંને ભાઇઓ હવે સાથે જ ચિત્રો કરતા. એક વખત લંડનના કેટલાક જાણીતા કલાકારો એમના ગામે આવ્યા. તેમનો રૂબરૂમાં જે નિકટ પરિચય થયો તેને લીધે એ જુવાન કલાકારની કારકીર્દિના પ્રારંભમાં જ ઉત્તમ રુચિ અને સંસ્કારનો પાયો નંખાયો. એ બધાની સલાહથી

સર વિલિયમ રૉથેન્સ્ટાઇન

'કુમાર'ના પહેલા જ વર્ષમાં વિજ્ઞાનના લેખો વડે વાચકોના પરિચિત થએલા ડૉ. લાભશંકર ભટ્ટ (જે હમણાં છેલ્લે હિંદી સરકારના દિલ્હી ખાતેના સપ્લાય ડિપાર્ટમેન્ટમાં કેમિકલ્સના ડિરેક્ટર અને કન્ટ્રોલર તરીકે હતા તેઓ) આજથી ૧૭ વર્ષ પર લંડનમાં અભ્યાસ કરતા હતા તે વખતે સર વિલિયમ રૉથેન્સ્ટાઇનને તેમણે શ્રી રવિશંકર રાવળનાં કેટલાંક આલેખનો બતાવેલાં. તે જોઇને રૉથેન્સ્ટાઇને કહેલું: 'આમને છએક મહીના અહીં મારી પાસે મોકલોને?' આ ઉદ્ગારોની પાછળ, એક મહાન કલાકારે બીજા કલાકારની એવી જ પ્રતિભાને પીછાનવા-ની જે સાબિતી રહેલી છે તેની પ્રતીતિ એ નામી કલાકારના વિશિષ્ટ શક્તિક્ષેત્રમાં શ્રી રવિશંકર રાવળે ગુજરાતને આજ ત્રણ દાયકાથી કરાવી છે. રૉથેન્સ્ટાઈનનું નામ પોર્ટ્રેટ પેઇન્ટિંગ (વ્યક્તિ-તસ્વીર આલેખન) માં કેવળ ઇંગ્લંડમાં જ નહિ પણ જગતભરના કલાક્ષેત્રમાં આગળપડતું ગણાય છે અને એમની તસ્વીરોમાં (પેન્સિલ કે લીથોગ્રાફ ક્રેયૉન જેવાં સાદાં સાધનોથી કરેલી તસ્વીરોમાં) તસ્વીરના પાત્રનું વિશિષ્ટ વ્યક્તિત્વ ખેંચીને ઉતારવાની જે તીણી દૃષ્ટિ અને હાવકી પ્રાસાદિકતાભર્યું રેખાલેખન છે તે જ ગુણોથી શ્રી રવિશંકર રાવળની કલમ મંડિત છે. પણ શ્રી રાવળને એમની પાસે જવાની તક સાંપડી જ નહિ. હિંદ અને હિંદી સંસ્કૃતિના એ સહૃદય મિત્રનું ગઇ તા. ૧૪મી ફેબ્રુઆરી-એ અવસાન થયું

નિર્વ્યાજ દિલસચ્ચાઈ અને ઠંડી તેજસ્વિતાવાળા એ પ્રતિભાસંપન્ન કલાકારના જીવનમાં ગંભીર ઉથલપાથલો નથી. પણ એમનું ઠરેલ ખંતીલાપણું અને સ્થિર તથા ચોકસાઇભરી સમજદારી પ્રત્યેક યુવાનને ઉદાહરણરૂપ બને તેવાં છે. તેજસ્વિતાના તણખા તો એનામાં પ્રથમથી જ હતા. તેની પ્રતીતિ કલાના ક્ષેત્રમાં એણે જે પહેલો ધડાકો કર્યો તેના આ નીચેના વર્ણનમાંથી મળશે:

"૧૮૯૩ના ઉનાળાના સત્રમાં ઑક્સફર્ડમાં આકાશમાંથી એક ઉલ્કાપાત થયો! એવા તો વજ્રપાતથી તે પડ્યો કે ત્યાંની સમસ્ત ધરતી તેણે ધણધણાવી મૂકી. અનુસ્નાતકો ને અભ્યાસીઓ સૌ સ્તિમિત બની ટોળે વળતા ને તેની જ વાતો કરતા. ક્યાંથી આવી પડ્યો છે એ ઉલ્કા? પારીસથી. નામ એનું? વિલ રૉથેન્સ્ટાઇન. શા કાજે આવ્યો છે? ચોવીસ તસ્વીરો ચીતરવી છે એને.—અને, પ્રૌઢ, મોટાઈ મ્હોરતા મહાજનો ને પંડિતો જેઓ કોઈની પણ આગળ ચીતરાવા બેસવાની ઘસીને ના પાડતા તે આ નાનકડા ભડાકિયા આગંતુક સામે ટકી શકતા નહિ. એ વીનવતો નહિ, આમંત્રણ જ આપતો; આમંત્રણ શાનું? આજ્ઞા જ કરતો કે ચાલો, બેસો. એકવીસ જ વરસનો હતો એ. કદિ કોઈએ નહોતી દીઠી એવી આંખો એનાં ચશ્માંમાં ચમકતી બુદ્ધિશાળી ને બટકબોલો હતો. અવનવા વિચારોથી જાણે ઉભરાતો. મહાન અમેરિકન કલાકાર વ્હિસ્લર, એડમંડ દ ગૉન્કૉર્ટ આદિને એ ઓળખતો. પારીસના નામી કલાકારો ને સાહિત્યસ્વામીઓ એને હૈયે રમતા. એને આવવે જાણે ખુદ સંસ્કૃતિધામ પારીસ ઑક્સફર્ડમાં આવ્યું હતું."



રૉથેન્સ્ટાઈન · ૧૯ની ઉમરે
(એમિલ ક્રાયાંએ પારીસમાં કરેલો સ્કેચ)

તેના મિત્ર મૅક્સ બીરબોમે કરેલા આ વર્ણનમાં, એ ઉંમરે અનેક પાણી પી નાખેલા એ તરવરિયા જુવાનનો તાદૃશ પરિચય છે.

ઓગણીસમી સદીની શરૂઆતમાં ઇંગ્લંડ આવી વસેલા એક જર્મન કુટુંબના કાપડના વેપારીનો એ બાળક, નાનપણથી જ વિદ્યા અને કલાની અભિરુચિ ધરાવી, લંડન અને પારીસમાં કલાશિક્ષણ મેળવી, ઇંગ્લંડના કલાવ્યોમમાં તેજસ્વી શુક્રતારકની જેમ પોતાનો જે શાંત પ્રકાશ રેલાવી ગયો તેની રસભરી હકીકત, એણે જાતે જ 'મૅન ઍન્ડ મેમરીઝ' (શખ્સો અને સ્મરણો)ના બે ભાગ તથા 'સિન્સ ફિફ્ટી' (પચાસ પછી)નો એક ભાગ, એમ ત્રણ સચિત્ર ગ્રંથો ભરીને લખેલી આત્મકથામાં આપી છે. તેમાંથી શ્રી રવિશંકર રાવળે તૈયાર કરેલો આ સાથેનો મુખલેખ યુવાનો અને કલાર્થીઓને પ્રોત્સાહક અને પ્રેરક નીવડશે.

પિતાએ તેમને હર્કોમરની શાળામાં ન મોકલતાં લંડનની સ્લેડ સ્કૂલમાં પ્રો. લેગ્રૉસના હાથ નીચે કલાશિક્ષણ લેવા મોકલ્યા. ખુદ લેઈટન, વૉટ્સ, આલ્મા-ટેડેમા અને બીજા મહાન કલાકારો જે નગરમાં વસતા તે લંડનમાં પગ મૂક્યો. તે રાતે તેમને ઊંઘ નહોતી આવી!

સ્લેડ સ્કૂલમાં એ વખતે સોએક સ્ત્રી-પુરુષ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં. ઉપલા વર્ગનાં વિદ્યાર્થીઓ નીચેના વર્ગવાળાઓ જોડે કાંઈ જ લેવાદેવા ન રાખતા. તેમના એ શાળાજીવન દરમિયાન જૂના કોઇ વિદ્યાર્થીના ભાગ્યે જ તેમની સાથે વાત પણ કરી હશે. અહીં ઈટાલિયન બનાવટનો લાલ કે કાળો રંગ-કાંકરો લઈ, ઈન્ગ્રેસ જાતના કાગળો ઉપર ચિત્રો ચીતરવાનાં હતાં રબર વાપરવાની સદંતર મનાઇ હતી. ગ્રીક, રોમન અને મધ્ય સંસ્કૃતિનાં પ્રાચીન શિલ્પોનાં ડોકાં વગેરે ઉપરથી ચિત્રોની તાલીમ લેવાતી. પણ લેગ્રૉસનું શિક્ષણ પાકું હતું. માપ્યા વિના જ વસ્તુઓનાં પાસાં બરોબર સાચાં આલેખવાનું એ અહીં શીખ્યા. મોટાં મોટાં ચિત્રો કરી નાખવાના જુવાનીના ઊર્મિઉછાળાઓને એ શિક્ષાગુરુએ અંકુશમાં મૂકીને ત્યાંના ઍન્ટી રૂમમાં જ ગોંધી રાખી સારી પેઠે એને પલોટ્યા. લેગ્રૉસ યુરોપના અઠંગ કલાકારોના શાગિર્દ હતા. શીખેલું બધું વિદ્યાર્થીઓ પાસે સ્મૃતિથી તે ફરીવાર દોરાવતા, અને રસ્તે ચાલતાં કરેલાં નિરીક્ષણો સ્કેચબુકોમાં નોંધાવતા. એ જૂના વખતમાં કલાકારો નકલો કરીને ઘણું શીખતા. આજના વિદ્યાર્થીઓની તાલીમ પ્રત્યક્ષ પદાર્થો અને વસ્તુઓ ઉપર





મિસિસ રૅથેન્સ્ટાઇન–લગ્ન પહેલાં તે મિસ એલીસ કિંગ્સ્લીના નામથી ખ્યાત નટી હતાં તે વેળા જાણીતા તસ્વીર-કલાકાર ઑગસ્ટસ જૉને કરેલું આલેખન. વિલિયમ રૅથેન્સ્ટાઈન • ૩૨ વર્ષની વયે-તેમના પ્રિયવયસ્ય કલાકાર ઑગસ્ટસ જૉને કરેલો સ્કેચ

મોટે ભાગે રચાએલી છે; છતાં બીજા કલાકારોની પદ્ધતિ અને પ્રણાલિ બરાબર સમજવા માટે નકલો પણ કરી જોવી આવશ્યક છે.

સ્લેડ સ્કૂલમાં આ તાલીમ-પલોટ ચાલતો; બીજી બાજુ યુનિવર્સિટી હૉલની હૉટેલમાં જ્યાં તે જમતા ત્યાં તેમને ઘણા પ્રતિભાયુક્ત વિદ્યાર્થીઓ ને વિદ્વાનોની સોબત મળી. તેણે તેમની બુદ્ધિની તીવ્રતા સતેજ કરીઆપી. તે વખતે વૉર્ડન તરીકે હેન્રી મોરલે હતા. યુનિવર્સિટી કૉલેજ તથા બીજી કૉલેજના સ્કૉલરો ત્યાં જોડાયા હતા. એ બધાનાં સંભાષણો અને ચર્ચાઓમાં આ નૂતન તરુણ વિદ્યાર્થીને અનેરી તેજસ્વિતા અને ઓપ મળ્યાં. ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, વૈદક, ધર્મ, એમ જ્ઞાનની દરેક શાખાના વિદ્વાનોનો અહીં ભેટો થતો. વખત મળતો ત્યારે ડર્હામ વિલામાં પીઅર્સનને ઘેર જતા અને ત્યાં તેમના માટે અભિનંદનપત્રિકાઓ ચીતરી થોડા પૈસા પણ કમાઇ લેતા.

એ વખતે સૉલોમન જે. સૉલોમન નામના કલાકારે પોતાની અપૂર્વ મેધાશક્તિ અને આલેખ્ય-ચમત્કારથી ઇંગ્લંડના કલાજગતમાં મોટો સંક્ષોભ મચાવ્યો. એણે પારીસમાં પણ પ્રતિષ્ઠા મેળવી હતી અને પ્રાચીન યુગના પ્રસંગો આલેખતાં સમૃદ્ધ અને કૌશલપૂર્ણ મોટાં ચિત્રો કર્યાં હતાં. એ તો પારીસના કલાશિક્ષણને જ બધી કીર્તિનો હાર પહેરાવતો. સ્લેડ સ્કૂલ બાપડી તો તેના હિસાબમાં ન દેખાતી. તેની આ વાતો સાંભળીને તરુણ રૅથેન્સ્ટાઈનને પારીસની ધૂન લાગી; અને મહામહેનતે પિતાને સમજાવી, સૉલોમન પાસેથી પારીસના જુલિયન નામના એક કલાકાર પર ચિઠ્ઠી મેળવી પ્રસ્થાન કર્યું.

પારીસનું જુલિયનનું કલાવિદ્યાલય (academy) સ્લેડ સ્કૂલ કરતાં અનોખું હતું. ત્યાંનું જીવન કામના ઉત્સાહ અને તરવરાટથી ભરચક હતું. આખી દુનિયામાંથી જાતિજાતિના કલાકારો ત્યાંના સ્ટુડિયોમાં ભીડ કરી રહ્યા હતા. જુલિયનમાં એવું તે શું હતું કે આટલાં ટોળાં અહીં ઊભરાતાં? એની વાત જાણવા જેવી છે! મૂળે એ અખાડેબાજ આદમી. પહેલાં તો એ ઇનામી કુસ્તીઓમાં ઊતરતો. પછી ખાવાનાં સાંસાં પડ્યાં, એટલે એક સ્ટુડિયો ભાડે રાખ્યો અને માર્યું પાટિયું: 'ચિત્રકળાની ઍકેડેમી (મહાવિદ્યાલય)'! દીવસો વીત્યા પણ કોઇ ચકલું યે ફરકયું નહિ. એક વખત કોઈ રડ્યોખડ્યો વિદ્યાર્થી તેના દાદરે જઇ ચડ્યો; પણ શાળા ખાલી જોઈ પાછો વળતો હતો, ત્યાં તો જુલિયન ધસી આવ્યો અને તેને બાવડું પકડી અંદર લઇ ગયો, તેની સામે ચીતરવાની ઘોડી અને ચિત્રફલક મૂક્યાં, અને પોતે 'મૉડેલ' બનીને મંચ ઉપર ઊભા રહી કહ્યું, 'ચાલ, ચીતરવા માંડ!' આમ કરતાંકરતાં ત્યાં વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. સાંકડ વધવા માંડી એટલે વધુ ભાગ વધાર્યા, ને છેવટે હાલનો ધીકતો સ્ટુડિયો બન્યો. એટલી હદ સુધી કે સ્ત્રીઓ માટે ત્યાં જુદું જ ચિત્રગૃહ રાખવું પડેલું. જુલિયન પોતે તો કળાનું ઊંડુંયે જાણતો નહિ; પણ તેણે પ્રસિદ્ધ કલાકારો અને શિલ્પીઓને વિઝિટિંગ પ્રોફેસરો (અતિથિ અધ્યાપકો) તરીકે વેતન આપીઆપીને બોલાવી કામ ધપાવ્યું. તે એટલે સુધી કે એ જુલિયન ઍકેડેમી પારીસનું એક મોટું કલામથક ગણાવા લાગી!

તેના મુખ્ય પ્રોફેસરોમાં અગ્રણી કલાકાર બ્યુગેરો હતા, જેનું નામ યુરોપ અને અમેરિકાના અમીરવર્ગમાં ઘરગથ્થુ બની ગયું હતું. પણ ખુદ ફ્રાન્સમાં તો એનાં ચિત્રો સસ્તી લોકપ્રિય ઊર્મિઓ અને અસત્ય ભાવનાઓવાળાં ગણાતાં. એ જ્યાં કામ કરતા ત્યાં ન જતાં રૅથેન્સ્ટાઇને તો બીજા જ કલાકારોને શોધી લીધા. જેમાં જુલિયસ લફેવ્ર, કૉન્સ્ટન્ટ અને લુશિયન ડૂસે ખાસ હતા. સ્ટુડિયોના પ્રવેશદ્વાર ઉપર ઇન્ગ્રેસનાં આ વચનો લખેલાં હતાં: Le dessin est la probite' de l'art. (The design is the probity of the art) કલાની કસોટી તેના રૂપસંવિધાનમાં રહેલી છે; અને Cherchez le caractére dans la nature. (Look for the character in the nature) નિસર્ગનો અંતર્ગત ભાવ સમજો.

જુલિયન ઍકેડેમીમાં નિયમન જેવું કાંઈ હતું નહિ. ફક્ત એક મોવડી રહેતો, જે અતિશય ગરબડ કે ઘોંઘાટ વધી પડતાં ત્યારે તે બંધ કરાવતો. શિસ્ત તો કાંઇ જ ન મળે. અને ભીડ તો સ્ટુડિયોમાં ગજબની રહેતી. ત્યાંનું વર્ણન કરતાં રૅથેન્સ્ટાઈન લખે છે:



સાદી પેન્સિલ કે રંગીન ક્રેયૉન વડે રૉથેન્સ્ટાઈન કેવી જોરદાર લક્ષણવંતી તસ્વીરો આલેખતા તેના નમૂના રૂપ બે આલેખનો
ડાબી બાજુ: ઈંગ્લંડનો વિશિષ્ટ ચિંતક અને નાટકકાર જ્યૉર્જ બર્નાર્ડ શૉ. જમણી બાજુ: વિખ્યાત આઇરિશ કવિ ડબ્લ્યુ. બી. યીટ્સ, જે રૉથેન્સ્ટાઈનની સાથે રવીન્દ્રનાથનાં કાવ્યોના પ્રથમ અને અગ્રણી પ્રશંસક હતા.

'અમે તે વખતે ઇન્ગ્રેસ પેપર ઉપર ચારકોલ (બાળેલા સાંઠીકડા)થી દોરતા. હાથ લાંબો રાખી, એ ચારકોલની સાંડી વડે જ, સામે ઊભેલી માનવ-આકૃતિને ચાર ભાગમાં માપી લેતા, ને પ્લમ્બ લાઈન (ઓળંબા દોરી) વડે ઊભી રેખાઓ નક્કી કરતા. ખરેખર જીવની પ્રતિમાની બરોબરનું માપ તો કાંઇ ન રાખતા. કાગળમાં સમાય એવડી જ આકૃતિ કરતા. વિદ્યાર્થીઓ એટલા બધા રહેતા કે જુદા જુદા મંચ ઉપર બે માનવ પાત્રોને બેસાડવાં પડતાં. એકએક જણનો બાજો અડકે એટએટલી નજીક અમારી ચીતરવાની ઘોડીઓ રહેતી. ગુમગામણ અને ઘોંઘાટ ખૂબ રહેતાં. કોઈવાર એકદમ શાંતિ વ્યાપી જાય અને પછી એકાએક પુરુષ વિદ્યાર્થીઓ એકસામટા ગીત ઉપાડે! ફ્રેન્ચ પ્રજા પરદેશી રાગો અને શબ્દો ઉચપી લેવામાં પ્રવીણ છે. ત્યાં મશ્કરીઓ પણ બહુ થતી કેટલીક તો ક્રિયાત્મક ને કાતિલ બનતી.

સ્લેડ સ્કૂલમાં તો કદિ જીવતા પાત્ર ઉપરથી ચીતરવાનું મને મળ્યું જ ન હતું, એટલે મારે મન એ નવું હતું. પરંતુ લેગ્રૉસ જેવા કલાગુરુના હાથ નીચે મને શીખવાનું મળ્યું તે ખાતર મને ધન્યવાદ આપી પ્રોફેસરે મારા ચિત્રને ગુણવાળું ગણ્યું. મારા બધા જ પ્રોફેસરોની મારા પર આમ કૃપા હતી. પહેલાં તો મને ફ્રેન્ચ વિદ્યાર્થીઓની શરમ લાગતી, અને ત્યાંની ભાષાનું જ્ઞાન નહિ એટલે અંગ્રેજ અમેરિકન વિદ્યાર્થીઓની હૂંફ લેતો. પણ ફ્રેન્ચ લોકો પરદેશીમાં કંઇક ગુણ જુએ તો તેની કદર કરવામાં બહુ ઉદાર હોય છે, કેમકે તેમને હરીફાઈનો કદિ ભય નથી. એ જ કારણથી, એક વખત જેમ ફ્રાંસ કલાશિક્ષણ માટે રોમ તરફ નજર માંડતું, તેમ આજે સૌ ચિત્રવિદ્યાના મગક તરીકે ફ્રાન્સ તરફ જુએ છે.'

ફ્રાન્સની એક બીજી વાત તેમણે નોંધી છે: 'ફ્રેન્ચ લોકોને રસોઈ બહુ મહત્ત્વની વાત છે અને ભોજનની બાબતમાં ખાસ તજવીજ કરવી એ તેમને મન કર્તવ્ય ને જરૂરિયાત ગણાય છે. ખરાબ ભોજન કોઈ પડતું મૂકીને ઊઠી જાય તો ત્યાં એ વ્યાજબી ગણાય છે.'

પારીસમાં તેમણે ચાર વર્ષ ગાળ્યાં તે દરમ્યાન જાતજાતના કલાસંપ્રદાયોનો સંપર્ક સાધ્યો, અગ્રણી કલાકારો તથા વિદ્વાનો જોડે મૈત્રીઓ કરી અને પોતાનું સંગીન ઘડતર કર્યું. એડમંડ દ ગૉન્કૉર્ટ, દૉદે, દેગા, રૉદેં, તુલુ લુત્રેક, ઑસ્કાર વાઈલ્ડ, એમિલ ઝોલા, અમેરિકન કલાકાર વ્હિસલર, એ બધાના નિકટ સહવાસ તે પામ્યા. તેમનાં અનેરાં જીવન, તેમની કળાની તમન્ના, એ બધાંની તેમણે વિગતપૂર્ણ નોંધો પોતાનાં સંસ્મરણોમાં કરી છે. પારીસમાંથી ખાસ કરીને તો તેમણે 'ઈમ્પ્રેશનિસ્ટ' કલાકારોની અનેકવર્ણી શૈલી અપનાવી અને પોતાનાં ચિત્રોમાં તે આમેજ પણ કરી છે. છતાં પોતાની તસ્વીરી કલાને તો તેમણે અલગ જ રાખી છે, ને તેમાં તો ઇન્ગ્રેસની શિષ્ટ પરંપરામાં રહી ઈંગ્લંડના પહેલા અને પ્રથમ પંક્તિના તસ્વીર-આલેખકનું સ્થાન તે મેળવી ગયા છે.

ઇ. ૧૮૯૩માં તે ઈંગ્લંડ પાછા આવ્યા અને ઑક્સફર્ડ જઈને પોતાના યુગના પ્રતિભાસંપન્ન પુરુષોની તસ્વીરો લીથોગ્રાફથી પ્રકટ કરવાનું કાર્ય પ્રથમ હાથ ધર્યું, જે 'ઑક્સફર્ડ કૅરેક્ટર્સ' (ઑક્સફર્ડની વ્યક્તિવિશેષ) એ નામથી બહાર પાડી. આ ચિત્રોમાં રૉથેન્સ્ટાઈનની કલાપ્રતિભાની અચૂક છાપનો ઈંગ્લંડને પહેલો પરિચય થયો. રૉથેન્સ્ટાઇને ફ્રેન્ચ સાહિત્યનો સીધો સંપર્ક અને નવીન દૃષ્ટિ પોતાની સાથે લાવીને ઇંગ્લંડમાં અવતાર્યાં. ઘણા કહે છે કે લંડનમાં પારીસનું વાતાવરણ તેણે જમાવ્યું, કારણકે વાર્લેન ને એડમંડ દ ગૉન્કૉર્ટ જેવા સમર્થ વિદ્વાન ગ્રંથકારોનો તેણે અંગત સંપર્ક સાધ્યો હતો.

એકવીસ વરસની એ નાની ઉંમરે પણ કલાની શિષ્ટતા ને ઉત્તમ પ્રણાલિઓના તે ચુસ્ત હિમાયતી હતા. (અનુસંધાન પૃ૦ ૬૯મે)

માનીતીના મનોરથ

મૂળ લેખક રવીન્દ્રનાથ ઠાકુર



માનીતી રાણી મરણપથારીએ પડી હોય એવું લાગે છે. તેનો જીવ મુંઝાઇ રહ્યો છે. તેને કાંઇ યે ગમતું નથી.

વૈદ્ય ગોળીઓ લઇને આવ્યા. મધમાં મેળવીને કહ્યું, 'ખાઈ જાઓ.' તેણે ફેંકી દીધી.

રાજાને કાને વાત ગઈ. રાજા તાબડતોબ સભા છોડીને આવી પહોંચ્યા. પાસે બેસીને પૂછ્યું, 'તને થયું છે શું ? તારે શું જોઇએ ?'

છણકો કરીને કહે, 'તમે બધા અહીંથી જાઓ. મારી સખીને બોલાવી આવો.'

સખી આવી. રાણી તેનો હાથ પકડીને કહે, 'સહિયર બેસ, એક વાત કહેવી છે.'

સખી કહે, 'બોલોને.'

માનીતી રાણી કહે: જો મારી સાત માળની હવેલી પાસે અણમાનીતીનો ત્રણ મજલાનો મહેલ હતો. ત્યાર પછી તે થયો બે મજલાનો. ત્યાર પછી એકનો જ રહ્યો. પછી તો રાજમહેલમાંથી પણ બહાર કાઢી મૂકી.

તે પછીથી અણમાનીતીનો મને કૈં ખ્યાલ જ રહ્યો નહિ.

એક દિવસ ફૂલડોલનો મેળો ભરાયો હતો. મયૂરપંખી પાલખીએ ચડીને રંગમંદિરે જતી હતી. આગળ લોક ને પાછળ રસાલો. આ બાજુ વાગે વાંસળી ને બીજી બાજુ વાગે ઢોલ.

એ વેળા રસ્તાની પાસે, નદીને કાંઠે, ઘાટ ઉપર ચંપાના ઝાડ નીચે એક કૂબો દેખાતો હતો. તેની વાડ પર અપરાજિતાનાં ફૂલો ફૂટેલાં. બારણાની આગળ ચોખાની ભૂકીથી શંખ-ચક્રની રંગોળી પૂરેલી. મારી છત્રધારિણીને પૂછ્યું, 'અરે, પેલું ઘર કોનું છે ?' તેણે જવાબ આપ્યો, 'અણમાનીતીનું.'

તે પછી સંધ્યા વેળાએ ઘરમાં આવી, દીવો જલાવ્યો નહિ. મૂંગી બેઠી રહી.



રાજાએ આવીને કહ્યું, 'તને થયું છે શું? તારે શું જોઇએ?'

મેં કહ્યું, 'બસ, મારે આ ઘરમાં રહેવું જ નથી.'

રાજાએ કહ્યું, 'ભલે, તારે સારુ હાથીદાંતની ભીંતોવાળો પાકો મહેલ ચણાવીશ. શંખભૂકાથી દૂધના શ્વેત ફીણ જેવી તો ભોંય બનશે અને મોતીની છીપોથી તેની કોરે પદ્મમાળા જડાવીશ'

મેં કહ્યું, 'મને તો તમારા બાગની બહાર એક કોર કુટિર બનાવીને રહેવાનું મન થયું છે.'

રાજા કહે, 'ભલે એમ. એની ચિંતા શી?'

કુટિર બની. પણ એ ઘર તો જાણે તોડી આણેલું વનફૂલ. જેવું એ તૈયાર થયું કે કરમાઇ ગયું. રહેવા ગઈ પણ હું તો લજવાઈ મરી.



પછી એક દિવસે જ્યેષ્ઠપૂર્ણિમા હતી.

નદીએ નહાવા ગઈ. સાથે એક સો ને સાત તો સખીઓ હતી. જળની અંદર પાલખી ઝબોળી સ્નાન કર્યું.

રસ્તે થઈને પાછી ફરતી હતી. પાલખીનો પડદો ખસેડીને જોયું તો કોઈની વહુ જઈ રહી હતી. કોઇ નિર્મલ ફૂલ જેવી. હાથમાં સફેદ શંખચૂડીઓ ને લાલ કોરની સાડી પહેરેલી. સ્નાન કરીને ઘડામાં જળ ભરી લાવતી હતી. સવારનું તેજ તેના ભીના કેશ અને ભીના ઘડા પર ઝબકતું હતું.

છત્રધારિણીને પૂછ્યું, 'કોણ છે એ ? કયા દેવમંદિરે જાય છે ?'

છત્રધારિણી હસીને કહે, 'ઓળખી નહિ ? એ તો અણમાનીતી.'

તે પછી ઘેર આવીને મૂંગી મૂંગી એકલી બેઠી રહી. રાજા આવીને કહે, 'તને થયું છે શું ? તારે શું જોઇએ ?'

મેં કહ્યું, 'મારી તો બહુ જ ઈચ્છા છે, રોજ સવારે નદીએ નાહીને માટીના ઘડામાં જળ ભરીને બકુલ તળ વને રસ્તે થઈને આવું.'

રાજા કહે, 'ભલે, એમાં ચિંતા શી ?'

રસ્તે રસ્તે પહેરો બેઠો. લોકમેદની ચાલી ગઈ. નદીએ સ્નાન કરી ઘડામાં જળ ભરી લાવી. પણ બારણામાં આવતાં જ મનદુઃખે પછડાઈને ઘડો ભાંગી ગયો. જે ઇચ્છેલું તે તો થયું નહિ. અમસ્તી લજવાઈ મરી.

તે પછી એક દિવસ રાસપૂર્ણિમા હતી. જ્યોત્સ્નાભરી રાતે મધુવનમાં તંબુઓ પડ્યા



હતા. રાત આખી નૃત્યગાન થયાં.

બીજે દિવસે સવારે હાથી પર અંબાડીએ ચડીને પાછી ફરતી હતી. એ વખતે જોયું તો વનને રસ્તે થઇને કોઈ ચાલ્યું આવતું હતું. નાનો મજાનો છોકરો હતો. ગળામાં વનફૂલોનો હાર હતો. હાથમાં છાબ હતી અને તેમાં હતાં પોયણાં, વનફૂલો ને ખેતરનાં શાક.

છત્રધારિણીને પૂછ્યું, 'કયી ભાગ્યવતીનો છોકરો આ રસ્તો અજવાળી રહ્યો છે?'

છત્રધારિણી બોલી, 'જાણતાં નથી? એ તો અણમાનીતીનો છોકરો. તેની મા માટે લઈ જાય છે પોયણાં ને વનફળ અને ખેતરનાં શાક.'

તે પછી ઘેર આવી મૂંગીમૂંગી બેઠી રહી. રાજા આવીને પૂછે, 'તને થયું છે શું? તારે શું જોઇએ?'

મેં કહ્યું, 'મને તો પોયણાં, ને વનનાં ફળ, ને ખેતરનાં શાક ખાવાની ઇચ્છા થઇ છે. અને તે મારો પુત્ર પોતાને હાથે લાવે.'

રાજા બોલ્યા, 'ભલે, એની ચિંતા શી?'

સોનાના પલંગમાં પડી હતી. છોકરો છાબ લઈને આવ્યો. શરીર આખું રેબઝેબ ને મોં તો બસ રીસે ભરાએલું. છાબ પડી રહી ને હું તો લજવાઈ મરી.

તે પછીથી કોણ જાણે મને કૈંક થઇ ગયું છે! એકલી બેઠી રહું છું, મોંમાં એકે બોલ નથી. રાજા રોજ આવીને મને પૂછે છે, 'તને થયું છે શું? તારે શું જોઇએ?'

માનીતી રાણી થઇને મારે શું જોઇએ છે એ વાત શરમની મારી કોઇને કહી શકતી નથી. એટલે, સહિયર, તને બોલાવી છે. મારી છેલ્લી વાત તારા કાનમાં કહી દઉં: 'પેલી અણમાનીતીનું દુઃખ મારે જોઇએ.

સખી ગાલે હાથ મૂકી કહે, 'શાને, કહોને?'


માનીતી બોલી, 'એની પેલી વાંસની વાંસળી તો સૂરથી ગૂંજી રહી, પણ મારી આ સોનાની વાંસળી અમસ્તી પકડીને જ બેઠી રહી. સાચવી રાણી, પણ બનવી ન શકી.

વિનોદ કોઠારી

('લિપિકા'માંના મૂળ બંગાળીનો અનુવાદ)

કસોટીના ઉત્તરો

(૧) ૩૦; (૨) નીચેની આકૃતિ મુજબ; (૩) કનૈયાલાલ મુનશી, રસિકલાલ છો. પરીખ, કિશોરલાલ મશરૂવાળા; (૪) ૭૦ થી ૮૦ લગભગ; (૫) કુતુબમિનાર; (૬) ૧, ૩, ૯ અને ૨૭ શેરનાં ચાર તોલાં; (૭) બંને સરખાં.



અજબ છે આપણું આ મન

અનંત કાણેકરનો લઘુનિબંધ

એક વખત એક મિત્રે મને મશ્કરીમાં પૂછ્યું, 'જો અમુક માણસ અમુક પરિસ્થિતિમા આવી પડે તો એ શું કરશે, તે તું કહી શકે?'

'ના;' મેં તરત જવાબ વાળ્યો: 'એ માણસની વાત તો જવા દે, પણ તેવો જ પ્રસંગ મારા ઉપર આવી પડે, તો હું પોતે શું કરીશ એ પણ હું અત્યારે કહી શકતો નથી. જ્યાં મારા પોતાના મનનો પાર હું પામી શકતો નથી, ત્યાં બીજાના મનનું હું શું કહી શકું?'

મારા આ બોલવાથી મિત્રને નવાઈ લાગી. પણ નવાઇ લાગવા જેવું એમાં કંઈ જ નથી. અમુક પ્રસંગ આવે તો આપણે આમ કરીશું, એવું આપણે ખાત્રીથી સમજીએ છીએ; પણ ખરેખર જ્યારે એ પ્રસંગ આવી પડે છે ત્યારે આપણે કંઈક ભળતું જ કરી બેસીએ છીએ. ઘણી વખતનો મારો એવો અનુભવ છે.

મારો એક બહુ જ જૂનો અને વિશ્વાસુ નોકર હતો. એના ઉપર મારો એટલો અપરંપાર વિશ્વાસ હતો કે પૈસા અને બીજી કિંમતી વસ્તુઓ એના પર વિશ્વાસ રાખી હું ઉઘાડી મૂકી દેતો. એકાદ વસ્તુ ખોવાઈ હોત તો મને મારી જાત ઉપર શંકા જાત, પણ એના ઉપર હું કોઇ દિવસ વહેમે ભરાત નહિ. ગણુકાકા મને કહે, 'તારો આ ઢીલો કારભાર આપણને પસંદ નથી. કોઇ ચીજ લઇને એ નાસી જાય તો?'

ત્યારે મેં હસીને કહ્યું, 'એમ બનેજ નહિને!'

'પણ ધારી લે,' ગણુકાકા બોલ્યા, 'કે આવ્યો જ એના મનમાં કંઈ ખોટો વિચાર, તો?'

'તો–' મેં કહ્યું, 'તો એ મારા હાથમાંથી જીવતો નહિ છૂટે. હું એની ચામડી નરમ કરી નાખીશ!'

આ પછી ઘણા દિવસ બાદ મારી કિંમતી ઘડિયાળ કોઇ ચોરી ગયું. આખું ઘર તળેઉપર કરી નાખ્યું, પણ કંઇ પત્તો લાગ્યો નહિ. પેલા નોકરે પણ એ શોધમાં મારી સાથે ઘણી મહેનત કરી. બેએક દિવસ પછી સંધ્યાકાળે હું બહારથી ઘેર આવ્યો, ત્યારે મારા બારણા આગળ કંઇક ગરબડ જણાઈ. મારા એકબે પડોશીઓએ મારા નોકરને પકડી રાખ્યો હતો, અને તેઓ મારા આવવાની વાટ જ જોતા હતા. પેલી ઘડિયાળ બીજા કોઈ નોકરને દેખાડતાં મારા પેલા વિશ્વાસુ નોકરને મારા એક પડોશીએ પકડ્યો હતો. હું આવ્યો ત્યાર પહેલાં એમણે એને ખૂબ ખોખરો કર્યો હતો, અને હું એને યથેચ્છ મારીને પોલીસના તાબામાં સોંપીશ એમ ધારી એ મારી વાટ જોતા હતા. પણ જ્યારે મેં એ ઘડિયાળ, સાથે એને એ રીતે પકડી રાખેલો જોયો, ત્યારે મને મારી આંખ પર વિશ્વાસ જ ન બેઠો. અચાનક પાછળથી આવીને કોઈ માથા ઉપર ઘા કરે અને માણસ જેમ સ્તિમિત થઈ જાય, તેમ સ્તિમિત થઇને હું ઊભો રહ્યો, અને ચીડ ચડવાને બદલે મારો ચહેરો એકદમ ફિક્કો પડી ગયો. મારાથી એની સામે પણ જોવાયું નહિ. એ પણ માથું નીચું ઘાલીને ઊભો હતો. મેં ઘડિયાળ હાથમાં લીધું અને 'તું મારી આંખ સામેથી નીકળી જા; તારૂં મોં મને ફરી બતાવીશ નહિ!' એટલું જ કહીને હું સીધો ઘરમાં પેઠો ને બારણું વાસી દઇને બિછાના પર પડ્યો. ઘડિયાળ મળવાનો આનંદ તો દૂર રહ્યો, પણ આ બનાવથી બે દિવસ સુધી મને બિલકુલ ચેન પડ્યું નહિ. ચામડી નરમ કરવાની વાતો કરનારો હું એની સામે આંગળી પણ ઉપાડી શક્યો નહિ!

અને એ તદ્દન સ્વાભાવિક હતું. જેના ઉપર આપણે આટલો અમર્યાદ વિશ્વાસ રાખીએ એ જ માણસ જો આપણને ખ્યાલ પણ ન હોય તેમ આપણો ઘાત કરે, તો આપણે દુઃખથી એટલા હતબલ થઈ જઇએ છીએ કે ચીડ ચડવી એ બનવું જ શક્ય હોતું નથી; તો પછી મારવાની અને ચામડી નરમ કરવાની વાત તો ક્યાં? પ્રસંગ આવેલો હોતો નથી ત્યારે આપણે ખૂબ બોલીએ છીએ, પણ ખરેખર આવી પડે એટલે આવું જ કંઈક કરીએ છીએ.

માણસનું મન આથી ઉલટી એવી બીજી પણ એક રમત રમે છે. તે એવી, કે પ્રસંગ આવતાં આપણે કરીએ છીએ એક અને પછી કહીએ છીએ કંઇ બીજું જ! કોઈ કારકુનને, એનાથી થએલી કોઈ ભૂલ માટે એનો સાહેબ દમ ભરાવીને એને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપે, તો 'સ-સ-સ-સર' કરતો એ માફી માંગે છે અને ફરીથી એવી ભૂલ ન કરવા વિષે ખાત્રી આપીને પોતાની નોકરી બચાવે છે. પણ ઘેર ગયા પછી એ જ પ્રસંગ

આપણે બોલીએ છીએ તેમ કરતા નથી ને કરીએ છીએ તેમ બોલતા નથી

રૂપે જ્યારે એ કારકુન પોતાની સ્ત્રી અથવા મિત્ર આગળ વાત કરે છે ત્યારે તે આમ કહે છે: "સાહેબે જ્યારે બરાડા પાડ્યા, ત્યારે સામો તેટલો જ ઘાંટો કાઢીને મેં એને સાફ-સાફ સુણાવી દીધું કે, 'મને એમ દબડાવો નહિ; સ્વમાન કરતાં નોકરીની મને વધારે પરવા નથી. ભૂખે મરી જઈશ એ બહેતર, પણ અબઘડીએ મારૂં રાજીનામું તો લઇ લો. આમ જુસ્સામાં કહેતાં જ સાહેબ સીધોદોર થઇ ગયો; અને 'એમ નહિ, મિસ્ટર, મારૂં કહેવું એટલું જ કે....' આવું કંઇક બબડતાં એણે મને બહાર જવાનું કહ્યું. ખરૂં કહું છું, આ લોકોનો મિજાજ આપણે લેશ માત્ર નભાવી લેવો ન જોઇએ !"

આમ એ કારકુન ચોખ્ખી ગપ ઠોકી દે છે. પણ મને એની આવી ગપ ક્ષમ્ય લાગે છે. માનવીના જીવનમાં એ અપરિહાર્ય છે. સાહેબે કરેલા અપમાનને લીધે મનમાં ધીખી રહેલો ગુસ્સો એણે ગમે તેમ પણ વ્યક્ત તો કરવો જ જોઇએ. આપણે જે કરવું જોઇતું હતું પણ કરી શક્યા નથી, તે આપણે કર્યું, એમ કહેવાથી પણ મનને એક પ્રકારનું સમાધાન મળે છે—મન મોકળું થાય છે. પોતાના ગુંગળાઈ જતા ભાવ, આવી કલ્પિત કથા કહીને પણ, જો માણસ વ્યક્ત ન કરે તો એને જીવવું જ અશક્ય થઈ પડે; ગોંધી રાખેલા એવા ભાવનો સ્ફોટ થઈને કોઈ વખત એની હૃદયક્રિયા બંધ પડી જાય ! એટલે જ કહું છું, કે આવી ગપ સ્વાભાવિક છે, એટલું જ નહિ પણ તે અત્યંત આવશ્યક પણ છે. માનવી મન એટલું વિચિત્ર છે, કે તે આપણે બોલીએ છીએ તેમ કરવા દેતું નથી, અને કરીએ છીએ તેમ બોલવા દેતું નથી !

અનુવાદક: **માલતી જોષી**

મૂર્તિશાસ્ત્ર પરિચય

કલા અને પુરાતત્વને સ્પર્શી જન-સામાન્યને સમજાય તેવું આપણી જૂની મૂર્તિઓનું જ્ઞાન આપતી લેખમાળા

લેખક
અમૃતલાલ વ પંડ્યા

[૨] મુકુટો અને મુદ્રાઓ

પહેલા લેખાંકમાં મૂર્તિશાસ્ત્રનો સંક્ષિપ્ત પરિચય અપાઈ ગયો. હવે માથાથી શરૂ કરી મૂર્તિનાં વિવિધ અંગોનો પરિચય કરવાનો વિષય હાથ ધરીશું.

મુકુટ (Crown)

મૂર્તિઓના મુકુટોના ત્રણ મુખ્ય પ્રકાર છે: જટા મુકુટ, કિરીટ મુકુટ અને કરન્ડ મુકુટ. એમાંથી જટા મુકુટના પેટા પ્રકારો પણ છે. (જુઓ સામેના પાના પરનાં ચિત્રો.)

જટા મુકુટ: એનો મુખ્ય ને સામાન્ય પ્રકાર ચિત્ર નં. ૧માં આપ્યો છે. આ ઉપરાંત જટા મુકુટના ત્રણ વિશિષ્ટ પ્રકાર પણ છે: જટામંડલ (ચિત્ર નં. ૨), જટાભાર (ચિત્ર ૩)ને જટાબંધ (ચિત્ર ૪). આ મુકુટને મુખ્યત્વે શિવ ધારણ કરે છે; પરંતુ બ્રહ્માના માથે પણ એ હોય છે ખરો. શિવની ૧૬ રુદ્ર મૂર્તિઓ (શિલ્પસાર ગ્રંથ પ્રમાણે) ગણાય છે.* તેમાંથી નીચેની ૧૪ મૂર્તિઓને માથે જટા મુકુટ હોય છે: સુખાસન, વૈવાહિક, ઉમાસહિત, વૃષારૂઢ, ત્રિપુરારિ, નટરાજ, ચંદ્રશેખર, અર્ધનારીશ્વર, હરિહર, કામારિ, કાલનાશ, દક્ષિણામૂર્તિ, સદાશિવ, અને લિંગોદ્ભવ.

ચંદેશ્વર (ચંદેશ) અને ભિક્ષાટન મૂર્તિ નામથી ઓળખાતી શિવ મૂર્તિઓ ચિત્ર નં. ૨ પ્રમાણેનું જટામંડલ ધારણ કરે છે. વળી, શિવની 'કંકાલમૂર્તિ'ને પણ એ જ મુકુટ હોય છે.

ગૌરી (પાર્વતી) જ્યારે સ્વતંત્ર મૂર્તિ તરીકે હોય છે ત્યારે તે જટા મુકુટ ધારણ કરે છે; પણ જ્યારે શિવની સાથે હોય છે ત્યારે તેને માથે કિરીટ મુકુટ (ચિત્ર નં ૫) અગર કરન્ડ મુકુટ (ચિત્ર ૬) હોય છે.

ગૌરીના ચામુંડા રૂપના ત્રણ પ્રકાર હોય છે: ભદ્રકાલી અગર કરાલી (આઠ હાથ-વાળી), કાલભદ્રા (છ હાથવાળી) અને કાલી (ચાર હાથવાળી). એમાંથી ભદ્રકાલીને જ્યારે બ્રાહ્મણો પૂજે છે ત્યારે તેમના માટેની મૂર્તિને દશ હાથ હોય છે અને તે જટામુકુટ ધારણ કરે છે.

કિરીટ મુકુટ: આ મુકુટ (ચિત્ર નં. ૫) મુખ્યત્વે વિષ્ણુના માથે હોય છે. ઉપરાંત ગણ-પતિના માથે પણ તે હોય છે. વળી ચક્રવર્તી સમ્રાટ પણ કિરીટ મુકુટ ધારણ કરે છે.

કરન્ડ મુકુટ: આ મુકુટ (ચિત્ર ૬) મુખ્યત્વે દેવીઓ ધારણ કરે છે. દેવોમાં માત્ર સ્કન્દ (કાર્તિકેય) તે પહેરે છે. વળી દેવની ચાકરી માટે ઘડવામાં આવેલા યક્ષ, વિદ્યાધર, ગંધર્વ, અપ્સરા, કિન્નર ને રાક્ષસોની મૂર્તિઓના માથે પણ આ કરન્ડ મુકુટ હોય છે.

આ સિવાય માથાના આભૂષણોમાં કુન્ડલ ઈત્યાદિનો વિષય અહીં ગૌણ હોઈ તેની વિગત ભૂષણો અને અલંકારોના પરિચય વખતે આપવામાં આવશે.


મુદ્રાઓ (Positions of the Hand)

હવે આપણે મસ્તક ઉપરથી હાથ પર આવીએ. હાથની મુદ્રાઓના બે પ્રકાર છે: હસ્તમુદ્રા અને અંગુલિમુદ્રા. જેમાં આખો હાથ જુદીજુદી ઢબે મૂકેલો હોય છે તે હસ્તમુદ્રા કહેવાય છે; અને જેમાં માત્ર આંગળીઓની જ જુદીજુદી સ્થિતિ દર્શાવેલી હોય છે તે અંગુલિમુદ્રા કહેવાય છે જોકે સામાન્યરીતે તો આપણે 'અંગુલિમુદ્રા'ને જ 'મુદ્રા' નામથી ઓળખીએ છીએ.

હસ્તમુદ્રા: આના છ પ્રકાર છે. જેમાંનો પહેલો 'સામાન્ય' મુદ્રાના નામથી ઓળખાતો પ્રકાર (ચિત્ર નં. ૭) અનેક મૂર્તિઓમાં જોવામાં આવે છે ચિત્ર નં. ૮માં દર્શાવેલી છે તે 'સિંહકર્ણ' મુદ્રા. શિવનાં 'કંકાલમૂર્તિ' અને 'ત્રિપુરારિ' સ્વરૂપોના જમણા હાથની સ્થિતિ એ મુદ્રામાં હોય છે. ચિત્ર નં. ૯ 'કટક મુદ્રા' દર્શાવે છે. શિવના 'સોમ-સ્કંદ' સ્વરૂપ (જેમાં શિવ અને પાર્વતીની વચ્ચે બાળક સ્કન્દ ઊભેલો હોય છે)માં પાર્વતીના ડાબા હાથની સ્થિતિ એ મુદ્રા પ્રમાણે હોય છે વીરભદ્રના 'યોગભદ્ર' સ્વરૂપના એક હાથની સ્થિતિ પણ એ મુજબ હોય છે. 'કટિ મુદ્રા' (ચિત્ર ૧૦) અનેક મૂર્તિઓમાં જોવામાં આવે છે. ચિત્ર ૧૧ 'કુર્પર મુદ્રા' દર્શાવે છે. શિવના 'વૃષવાહન' અને 'નંદીશ' નામનાં સ્વરૂપોમાં જમણા હાથની સ્થિતિ આ મુદ્રામાં હોય છે. ચિત્ર ૧૨. 'ગજહસ્ત મુદ્રા'નું છે શિવના 'નટરાજ', 'ઉમા તાંડવ' ને 'સંહાર તાંડવ' સ્વરૂપોમાંના એક હાથની સ્થિતિ રૂપે આપણને એ મુદ્રા જોવા મળે છે.

અંગુલિમુદ્રા (Positions of the Fingers): એમની કુલ સંખ્યા તો ૨૫ની છે, પરંતુ મૂર્તિઓમાં સામાન્યરીતે નીચેની અંગુલિ-મુદ્રાઓ મળી આવે છે.

* દેવોનાં જુદાંજુદાં સ્વરૂપો અને તેમના પરિવારો ઈત્યાદિનો પરિચય આ લેખમાળામાં આગળ ઉપર કરાવવામાં આવશે.



અભયમુદ્રા (Protecting pose of fingers)–નિર્ભય થવાનું સૂચન કરે છે. લગભગ ઘણાખરા દેવોના એકાદ હાથની આંગળીઓ આ મુદ્રા દર્શાવતી જ હોય છે (ચિત્ર ૧૩).

વરદ (Boon-giving pose)–વરદાન આપવાનું સૂચન કરતી આ મુદ્રા ઘણાખરા દેવોની પ્રતિમાઓમાં હોય છે (ચિત્ર ૧૪).

અંજલિહસ્ત (Folded-hand pose)–જોડેલા હાથની આ મુદ્રા ભક્તિભાવનું સૂચન કરે છે (ચિત્ર ૧૫).

ચિન્મુદ્રા અથવા વ્યાખ્યાનમુદ્રા (Teaching pose)–ઉપદેશ આપતા હોવાનું સૂચન કરે છે (ચિત્ર ૧૬).

જ્ઞાનમુદ્રા (Pose conveying philosophical knowledge) જ્ઞાન આપતા હોવાનું સૂચન કરે છે (ચિત્ર ૧૭).

આ ઉપરાંત નીચેની ત્રણ મુદ્રાઓ શાસ્ત્રીયરીતે તો 'અંગુલિમુદ્રા'માં ગણાતી નથી, પણ તે ઘણી મૂર્તિઓમાં મળી આવે છે ખરી. એટલે તેનો પણ પરિચય કરી લેવો જરૂરી છે.

સૂચિ મુદ્રા (Pointing pose of fingers)–કશાકનું સૂચન કરતી અંગુલિમુદ્રા. (ચિત્ર ૧૮); તર્જની મુદ્રા (Threatening pose of fingers)–ડરામણી કે ચેતવણી આપતા હોવાનું સૂચન કરતી મુદ્રા (ચિત્ર ૧૯); અને વિસ્મય મુદ્રા (Expressing wonder)–આશ્ચર્ય પામતા હોવાનું સૂચન કરતી મુદ્રા (ચિત્ર ૨૦).

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

સંત્રી

વાર્તા . . . . જેમાં ટીટોડી સમુદ્રનું પાન કરી જાય છે

'નાસો! નાસો! નાસો! દોડો!! જ્વાળામુખી વિસૂવિયસ ફાટે છે. પર્વત અગ્નિ ઓકે છે. નાસો, જીવ બચાવો, નહિ તો કયામત આજે જ છે.' મોટે સાદે બૂમ પાડતો પાદરી પૉમ્પીઆઈના ધોરી માર્ગે દોડ્યો જતો હતો.

'ઓ . . . ઓ, ઓ! નાસો, નાસો!' પૉમ્પીઆઇના સાર્વજનિક હમામ તરફથી દોડતું આવતું માણસનું ટોળું બૂમબરાડા પાડતું ગાંડી દોટ મૂકી રહ્યું હતું.

'પણ આ છે શું?'

'અરે નાસો! વિસૂવિયસ. . . .' જવાબ પૂરો ન સંભળાયો. જવાબ આપનારે આગળ દોડ્યે રાખ્યું.

સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો, સર્વે નાસવા લાગ્યાં. પૉમ્પીઆઈનો માર્ગ જનસમુદ્રથી ઉભરાવા લાગ્યો.

આકાશમાં ખરા મધ્યાહ્ને અંધારૂં થવા લાગ્યું.

એક દંપતી પૉમ્પીઆઈ જોવા આવેલું. બંને ઝરૂખામાં મીઠો આનંદ કરતાં હતાં. પતિએ પત્નીને કહ્યું, 'દુનિયામાં સૌથી વહાલી મારી માતા છે. પણ તું-તું તો મારી વહાલપની શિરટોચ છો.' આ શબ્દો હજી પૂરા યે ન થયા ત્યાં વિસૂવિયસનો કારમો કડાકો સંભળાયો. નારીએ વિસૂવિયસનું દિલ કંપાવતું દૃશ્ય જોયું. તે ફફડી ઊઠી: શું થશે?'

પુરુષે ઝરૂખેથી પડતું મેલ્યું. નારી ઝરૂખેથી દેહ નમાવતી પુરુષને જોરથી સાદ પાડતી રહી. જીવ બચાવવા પત્નીને તજી પતિ નાસી ગયો!

માણસો દોડ્યે જ જતા હતા. એક મનુષ્યે અતિ ગભરાટમાં એક મકાનનાં દ્વાર ખખડાવ્યાં: 'પોર્શિયા! પોર્શિયા!'

'કોણ? ઓરલૅન્ડો?' અંદરથી ઉત્સુક અવાજ આવ્યો.

'ના, હું ઍન્ટની. નાસ, નાસ. તારો ઑરલૅન્ડો તો સાર્વજનિક હમામમાં પોઢ્યો છે. હમામના કુંડમાં તે પડ્યો ને તેના પર લાવા રેડાયો છે બીચારો . . .'

પોર્શિયા બેભાન થઇને પડી. એટલામાં એક માણસ આવ્યો. ઍન્ટનીનો હાથ પકડી ખેંચવા લાગ્યો, 'ચાલ, જલદી નાસ. ઍમ્ફીથીએટર ખલાસ!'

'શું?'

'હા.'

'આ પોર્શિયાને . . .'

પણ પેલો તો ઍન્ટનીને ખેંચી ચાલતો થયો. પોર્શિયા દ્વારના ઉંબરમાં બેભાન પડી રહી. કદાચ લાવામાં એની કબર બનવાની હોય.

'પ્રભુ, હું નાસી જાઉં એ કેવી રીતે બને? મારો બેટો બહાર. હું જાઉં તો બેટાને એમ ન થાય કે ઘરડી માને સો વર્ષે પણ જીવવાનું મન થયું? હું ન નાસું.' એક ઘરડી ડોશી પ્રભુને વીનવતી હતી. વિસૂવિયસ ફાટ્યા પછી એ ઘૂંટણીએ પડી પ્રાર્થના કરતી હતી.

'મા! મા! ઓ મા!' બારણેથી પુત્રે બૂમ પાડી, 'ચાલો નાસો!'

'હાં બેટા, તું આવ્યો?'

'આવો મા.' બેટાએ માને ખાંધે લીધી. તે નાસવા લાગ્યો. તેને જીવન સાર્થક થતું લાગ્યું.

ઉત્તમ સ્થાપત્યમંડિત એક ભવ્ય પ્રાસાદ પૉમ્પીઆઇને છેડે આવેલો હતો. વિસૂવિયસ બીજે છેડે હતો. પ્રાસાદની આગળ તેટલો જ ભવ્ય બાગ હતો. બાગની વચ્ચેના બે વિશાળ ફુવારા રંગબેરંગી પાણી ઉડાડી બાગ ને પ્રાસાદને ભવ્યતા અર્પતા. પ્રાસાદમાં પ્રવેશવાનાં પગથિયાંની હારના પહેલા પગથિયે, બંને છેડા પર આરસની બે અપ્રતિમ શિલ્પાકૃતિઓ મૂકેલી હતી બાગમાં ઠેરઠેર આરસની પ્રતિમાઓ ઊભી હતી. પણ એક લતામંડપ આગળ મૂકેલું 'ઑરોરા'નું ભવ્યકાય પૂતળું તો અદ્‌ભુત સૌન્દર્યવંતું હતું.

પ્રાસાદમાં જતાં પહેલાં એકવીસ પગથિયાં ચડવાં પડતાં. ત્યાર બાદ એક આરામસ્થાન આવતું. પછી તેર સોપાન ને આરામસ્થાન. પાછાં છ પગથિયાં બાદ પ્રાસાદની વિશાળ સ્થંભાવલિ સામે આવી ઊભી રહેતી, ને તે વટાવી જતાં મુખ્ય દ્વાર નજરે પડતું. આ ચાલીસ ચાલીસ પગથિયાંની પરંપરા અને તેના ઉપરનો પચાસ પચાસ સ્થંભોથી ટેકવાએલો પ્રાસાદ તે સમયમાં કેવો આંખને ઠારતો હશે!

સૂર્ય આકાશમાં પ્રકાશતો હતો. નીલું નીતર્યું વ્યોમ પૉમ્પીઆઈ નગર પર પથરાયું હતું.

પ્રાસાદના દ્વારમાંથી એક મનુષ્ય બહાર આવી સ્થંભાવલિ આગળ ઊભો. તેના માંસલ શરીર અને સુંદર મોં પર સૂર્યકિરણો રમી રહ્યાં. તેના પડછંદ દેહ પર શ્વેત હિમ શું લાંબું વસ્ત્ર લહેરાતું હતું. બીજું બારીક શ્વેત વસ્ત્ર તેના ગળાની આસપાસ વીંટાઇ નીચે ઘૂંટણ સુધી ઝૂલતું હતું. માથાના કાળા વાળમાં સમુદ્રનાં મોજાંની અદા હતી.

તેણે પહેલે પગથિયે પગ મૂક્યો, અને પવને ઓઢેલાં વસ્ત્રને ઉડાડવા માંડ્યું. વાળની અકાદ બે લટને પણ છૂટી પાડી. કટ-કટ-કટ કરતાં પગથિયાં તેના પગ નીચેથી સરકવા લાગ્યાં.

તે તેરમું પગથિયું ચૂક્યો. કંઇક કંપારી અનુભવી, સ્વસ્થ થઇ તેણે સંત્રીને સાદ દીધો.

'સંત્રી!'

'જી!' નીચે પહેલા પગથિયા આગળ, ઊંચો ચળકતો ભાલો હાથમાં પકડી, પીઠ પર મોટી ઢાલ ભરાવી, માથે લોહટોપમાં શ્વેત પિચ્છ ખોસી મંદ પગલે ટહેલતો સંત્રી એ અવાજથી સ્વસ્થ થઇ અટકી ગયો ને એકાક્ષરી જવાબ આપ્યો.

ઊંચે સત્તાવીસમે પગથિયે પ્રભાવભર પ્રાસાદપતિ, વચ્ચે પગથિયાંની હારમાળા, નીચે દૃઢ સંત્રી,—પૉમ્પીઆઈનું ભવ્ય ચિત્ર, નહિ?

'એક દિવસ દેવ જ્યૂપીટરે મને સ્વપ્નમાં દેખા દીધી હતી. કહ્યું'તું જ્યારે તારી મહેલાતનું તેરમું પગથિયું તું ચૂકે તે દિવસે સાવધાન રહેજે. મને આજે તે દિન લાગે છે. હું આજ અમીરને ત્યાં મહેફિલમાં જાઉં છું. આફતની આંધી ભલે આવે; ડગીશ નહિ.'

'જી!' ભાલો જમીન પર ટેકવાયો. સંત્રીનું મસ્તક નમ્યું.

'આજે તારૂં ખમીર . . . .' ત્રણ જ શબ્દ સ્પષ્ટ સંભળાયા. સુસવતો પવન આવ્યો અને પાછળના શબ્દો ડુબાડતો ગયો. માલિકે હાથ ઊંચો કરી સૂર્યતેજથી હાથના પડછાયે આંખ ઢાંકી સમસ્ત પૉમ્પીઆઇને આંબતી નજર નાખી. દૂર દૂર વિસૂવિયસ દેખાયો. નજર બે પળ ત્યાં વધુ ઠેરી. ત્યાંથી ફરીને નજર પ્રાસાદ પર આવી ઠરી. કંઇક યાદ આવ્યું. તે પાછો ત્રણ પગથિયાં ચડ્યો.

'પીથિયા !' તેણે પત્ની પાસે વિદાય માગી.

પેલી સ્થંભાવલિની મધ્યના બે મોટા સ્થંભ વચ્ચે એક નમણી પણ સુદૃઢ શરીરની રમણી આવી.

માલિકે હાથ ઊંચો કર્યો. જવાબમાં રમણીનો હાથ ઊંચકાયો.

પ્રાસાદપતિને ગયાને ઘણો સમય વીતી ગયો. સંત્રી ટહેલતો રહ્યો. 'આજે તારું ખમીર' એ ત્રણ શબ્દો કોઇકોઈ વખત એના વિચારની અડફટે ચડતા.'

હજુ પૉમ્પીઆઇને માથે નીતર્યું આકાશ છવાયું હતું. તેટલા જ આનંદથી લોકો હમેશનો વ્યવહાર ચલાવતા હતા. તેટલા જ વેગથી પેલી ગાડી દોડતી જતી હતી. તેટલા જ ખુન્નસથી બેત્રણ શરાફ વ્યાજે નાણાં લેનાર પર સેનેટમાં કેસ નોંધાવતા હતા.

એટલા જ વેગથી એક કાળું પક્ષી સંત્રીના માથા પરથી ઊડી ગયું. ઊડતું ઊડતું કંઇ બોલી ગયું. પણ તેનો ભાષાઉકેલ તો પંખીભાષી જાણે. શું બોલી ગયું હશે ?

એકાએક ઘણ . . ણ . . . ણ . . . ણ . . . . ણ . . . . ણ !' કરતા પૉમ્પીઆઇના રસ્તા ધણધણી ઊઠયા ! મકાનો ધ્રુજી ઊઠયાં. લોકો ખળભળી ઊઠયાં. પૉમ્પીઆઈ ચાર પળ માટે પૃથ્વીકંપનો આંચકો અનુભવી ગયું.

પૉમ્પીઆઈ જેની ગોદમાં લપાયેલું તે પર્વત વિસૂવિયસના પેટાળમાં એક ભયંકર ચીરાડો પડયાં.

પેલી ભીષણ ચાર પળ પછી લોકો ભયમાંથી મુક્ત થતા 'હાશ' અનુભવી રહ્યા અને વાતોએ વળગ્યા.

'શો ધણેણાટ !'

'વીર હૉરેશિયસ પણ થંભી જાય એવો.'

'ખરા વીર આ સમયે જ જણાઇ આવે.'

'કુદરત આગળ વીરત્વ શા કામનું ?'

એક ડોશીમા રાજમાર્ગે ચાલ્યાં જતાં હતાં. કંઈક ધીમાં પડયાં અને આ વાતોડિયાઓને કહ્યું, 'બેટા વાતો શું કરો છો ? પૃથ્વીકંપ પછી બીજા ઉત્પાતો પણ આવે છે. વહેલા ઘરભેગા થાઓ !'

'માજી, તેની તમને પંચાત ?' બેચાર હસી પડયા.

'વારુ.'

અને એ અનુભવીની પ્રભુવાણી હોય એમ, પુરાણોમાં જે અવાજને દિક્પાલોને ખળભળાવતો વર્ણવ્યો છે, એવો ઘોરભીષણ કડાકો થયો ! જ્વાળામુખી વિસૂવિયસ ફાટયો.

જોરજોરથી અગ્નિ ઓકતો પૃથ્વીને મૃત્યુની બાથમાં ભરી દેતો હોય એવું પ્રચંડ રૂપ તેણે ધર્યું. સર્વ શક્તિ ખર્ચી પોતાના પેટાળમાંથી રાખ, ગરમ પત્થર, અગ્નિ ને બળબળતો ખદબદતો લાવા ધોધબંધ તે ફેંકતો રહ્યો શિવના પ્રલયતાંડવ વખતનો હોય એવો કારમો ઉલ્કાપાત મચી રહ્યો. પૃથ્વીનું ક્ષત્રિય તત્ત્વ હણવા અવતાર લેનાર પરશુરામ જેવા ક્રોધાગ્નિથી જલતા એ અગ્નિમુખ પર્વતે લાવાની કાળમુખી જીભ વડે જાણે લબકારા મારવા માંડયા !

નગર આખું દોડતું હતું. અવાજોના મિશ્રણથી કાન ફાડી નાખતો શોરબકોર મચી રહ્યો. જેમ ફાવ્યું તેમ સર્વ લોક નાસવા લાગ્યા. ધરતીકંપથી પડેલી પર્વતની કમરની ચિરાડમાં રસ સમાવા લાગ્યો, અને એ કીમતી સમયનો જેટલો ઉપયોગ થાય તેટલો પૉમ્પીઆઇ-નિવાસીઓ કરી નાખવા લાગ્યા.

પણ થોડા જ સમયમાં ખીજવાએલા ઉગ્ર વિસૂવિયસે એ ચીરાડ ભરી દીધી. લાવા હવે બહાર વહેવા લાગ્યો અને તેનો ધોધ પૉમ્પીઆઈ તરફ ધસ્યો. પૉમ્પીઆઈના સીમાડા પર શોભતી વનશ્રીને ભરખી ગયો. પણ તેની ભૂખ હજી સંતોષાઈ ન હોય તેમ નગરને દરવાજેથી તે અંદર ધસ્યો.

શું થશે ? ઓ પૉમ્પીઆઈ ! તારા ભવ્ય પ્રાસાદો, તારા પ્રચંડ દેહના રંગીલા નાગરિકો, તારાં ફૂમળાં ને આનંદી બાળકો, મસ્ત જુવાની તારી રમણીઓનું શું થશે ?

'માલિકન પીથિયાદેવી ! . . . દેવી ! માલિકન !' વિસૂવિયસ ફાટવાનો કડાકો થતાં જ સંત્રીએ જોરથી પોતાના માલિકની પ્યારી પત્નીને બૂમ પાડી. ઘડીમાં વિસૂવિયસ તરફ ને ઘડીમાં પેલાં ચાલીસ પગથિયાંની દ્વાર તરફ જોતાં ફરી તેણે બૂમ પાડી, 'મ લિકન પીથિયાદેવી !'

પણ કોઈ ઉત્તર આપતું નથી.

'પીથિયાદેવી . . ઈ . . .'

પ્રાસાદનો પત્થરે ય હાલતો નથી.

'દેવી ! વિસૂવિયસ ફાટે છે ! જાન બચાવો ! નાસો ! માલિક હવે અહીં નહિ આવે. તમે જાઓ ! પ્રાસાદની દોલત હું સાચવીશ. જલદી નાસો.' કહેતો ચાળીસે સોપાનને જાણે સામટાં બે એડી વચ્ચે સમાવવાં હોય એવા વેગથી તે ચડયો સ્થંભાવલિ વટાવી ગયો. દ્વાર આગળ અટકયો. અંદર જોયું ફાટી આંખે પીથિયા બારીનો પડદો ખસેડી વિસૂવિયસનું અગ્નિતાંડવ જોતી હતી !

'દેવી, અંદર આવી શકું ?'

'શું ?'

'નાસો ! જીવ બચાવો ! જલદી નાસો !'

'તું ?'

'આપ જીવ બચાવો.'

'પરંતુ તું ?'

'બેઅદબી માફ કરો માલિકન, હું ના કહું છું. મારું ગમે તે થશે. આપ જાઓ. જુઓ, નગરનું હગામ નાશ પામે છે. અંદર રસ ફરી વળ્યો છે. માલિક મને શું કહેશે ? આપ નાસો !'

'તું નાસ. તારી ખાસ જરૂર છે. મારો પતિ તો બીજી પત્ની કરી લેશે; પણ તારા નાનકડા નમાયા જુલિયનને બીજો પિતા મળવાનો નથી . . . તું જા . . . નાસ.'

'બેઅદબી . . .'

'ફરજ પછી; તું જા.'

'માલિકન, દેવી, એક ગરીબ નોકરનું કહ્યું માનો. સમય બહુ થોડો છે. માલિકપત્નીને નહિ બચાવી શકવાનું કલંક મારા શિર પર હમેશનું રહેશે. જિદ ન કરો, જીવ બચાવો, નાસો.'

લાચારીથી પીથિયા બહાર આવી ને સડસડાટ પગથિયાં ઊતરવા લાગી. તેને સંત્રીએ કહ્યું; 'દેવી ! જો બને તો . . . ' તે ખંચાયો.

પીથિયા થોભી. 'તો શું ? બોલ, ઝટ બોલ.'

સંત્રી નતમસ્તક હતો. માલિકપત્નીને પોતે એક જવાબદારી સોંપે છે એ વિચારે એ જરા ખંચાયો.

'બોલ બોલ, શું કહેવું છે ?'

'મારા જુલિયનને જિવાડજો.' એટલું કહેતાં તેના ગાલ લાલ થઈ ગયા. આંખમાંથી બે આંસુનાં બિંદુ સરી પડયાં.

'જુલિયનને જરૂર જિવાડીશ' કહેતી પીથિયા પગથિયાં ઊતરી ગઇ.

તેણે દરવાજા બહાર પગ મૂકયો અને ઍમ્ફીથીએટર ખલાસ થયું. હજારહજાર મનુષ્યોને સમાવતું એ થીએટર લાવાથી છલોછલ ભરાઇ ઉભરાવા લાગ્યું. (અનુસંધાન પાન ૬૮મે)

અમેરિકામાં કલાપ્રચાર

અમેરિકા ખંડમાં પાંગરેલી આજની સંસ્કૃતિ માત્ર ૪૦૦ વર્ષની જ જૂની હોવાથી ત્યાં યુરોપ અને એશિયાની પેઠે સૈકાઓજૂના કલાના વારસાનો લાભ નથી. તેમજ પ્રાચીન સંસ્કૃતિથી મળતા જન્મગત કલાપ્રેમ તથા રોજિંદા સમાગમ ને વપરાશમાં ઓતપ્રોત થએલા કલાના વાતાવરણની ત્યાં ખામી જણાય એ સ્વાભાવિક છે. આથી એ દેશ પોતાની પ્રજાને કલાસંસ્કાર આપવા માટે દુનિયાભરની કલાની ઉત્તમ કૃતિઓ પોતાનાં સંગ્રહાલયોમાં આજ કેટલી યે પેઢીઓથી વીણીવીણીને એકઠી કરતો જ આવ્યો છે. અને ગયા મહાયુદ્ધ પછી એ પ્રવૃત્તિને ખાસ વેગ આપ્યો છે ચિત્રાલયો ને સંગ્રહાલયોમાં ભંડારેલી ચિત્રસામગ્રીઓ ને કલાસંપત્તિનો પરિચય ત્યાંના લોકો ઉત્સુકતાથી મેળવે છે; વિશેષમાં દેવળો અને મનોરંજનનાં ભવનો મારફત કલાનો રોજનો સંસર્ગ લોકોને મળ્યા કરે છે. આ ઉપરાંત ચોપાનિયાં અને સામયિક પત્રો, સીનેમા, રેડિયો, ભાષણો અને શાળા કૉલેજોમાં ખાસ ઉત્તેજવામાં આવતી કલાપ્રવૃત્તિઓ દ્વારા સમસ્ત પ્રજાસમૂહમાં કલાનું વહેણ સતત ચાલુ રાખ્યા જ કરવામાં આવે છે.

છેલ્લા બે દસકાથી અમેરિકન કલાકારોમાં પરિવર્તનની અસર જણાવા લાગી છે. જેમ સાહિત્યમાં રંગદર્શિતા (રોમાન્ટિક) કરતાં યથાર્થતા ઉપર લક્ષ ગયું છે, તેમ ચિત્રોમાં પણ ત્યાં બન્યું છે. ગયા મહાયુદ્ધ પછી અમેરિકાના છેલ્લા રંગદર્શી કલાકારોનો અંત આવ્યો. બેન્જામિન વેસ્ટ ને વ્હિસલર જેવા કોઈકોઈનાં નામ બહાર જાણીતાં થયાં હતાં; પણ તે ઉપરાંત ગિલ્બર્ટ સ્ટુઅર્ટ, જૉન સિંગલ્ટન, હૅરોલ્ડ ડેવીસ વગેરે જેવા પણ ત્યાં હતા. કેટલાયે દસકાઓ સુધી એ લોકોનું કામ ત્યાં ટોચ ગણાતું. એમની તસ્વીરો, નિસર્ગદૃશ્યો ને ગ્રામદૃશ્યો એમના યુગનાં પ્રતીક જેવાં હતાં. અમેરિકાની સૌથી પ્રથમ 'હડસન રિવર સ્કૂલ'(શૈલી)ના કલાકારો તો એ સમયે ત્યાંના પ્રાથમિક વસાહતીઓ સાથે જ નીકળી પડ્યા હતા, ને એ પહેલા સાહસિકો સાથે પહાડો ને જંગલો ઘૂમ્યા હતા. પણ આ સૈકાના પ્રારંભમાં યુરોપથી નવી કલાનાં કિરણો ફૂટ્યાં. ૧૯૧૬થી તેની ચર્ચા શરૂ થઇ; દેશદેશના 'પોસ્ટ ઇમ્પ્રેશનિસ્ટો'નાં ચિત્રો રજૂ થવા લાગ્યાં ને પારીસના નવલોહીઆ કલાકારોની છાયા ત્યાં પહોંચી. સીઝાં, પિકાસો, માતીસે અને થોડા અમેરિકનો પણ એમાં હતા.

એ પછી અમેરિકાને માદરે વતનના પ્રાણવાન ને મૌલિક પ્રતિભાવાળા પ્રાંતિક કલાકારોમાં રસ પડ્યો. અમેરિકાના વિવિધ પ્રાંતોને પોતપોતાની વિશિષ્ટ કુદરત, વાતાવરણ અને જનપદ છે. એ એતદ્દેશીય ભૂમિદૃશ્યો, નાનાં ગામડાં, ગોંદરા ને સીમાડા તથા લાક્ષણિક જનસાધારણનાં ચિત્રો કલાકારો કરતા. તેમાં ટૉમસ બેન્ટન, આયોવા પ્રાંતનાં જ ચિત્રો કરતો ગ્રાન્ડ વૂડ, અને પશ્ચિમ પ્રદેશના ખેડૂતોનાં જ ચિત્રો કરતો જૉન સ્ટુઅર્ટ કરે, એમનાં નામ તો દેશના ચારે છેડે જાણીતાં થઇ ગયાં છે.

૧૯૧૦ થી ૧૯૩૪ સુધી નવી અમેરિકન વિકાસની જ કલા માટે ઝુંબેશ ચાલી. બહારની ઇમ્પ્રેશનિસ્ટ કલાની સામે જૉન સ્લોન, જ્યૉર્જ લ્યૂક ને જ્યૉર્જ બિલોએ બળવો કરી તદ્દન નવી પોતીકી કળા જમાવી. દરેક જણે કંઇ ને કંઇ ચમત્કૃતિ કરી બતાવી, અને તેમની અસરથી ૧૯૩૦ સુધીમાં તો જેને 'અમેરિકન' કહી શકાય એવી કેવળ નવી અને મૌલિક કલા સર્જનાનું મંડળ થઇ ગયું.



જાહેર પ્રજાને કલામાં રસ લેતી કરવા અમેરિકામાં હમણાં રસ્તાના ફુટપાથો પર ચિત્રો પ્રદર્શિત કરવાની નવી પદ્ધતિ શરૂ થઈ છે.

આમ, આજે એ દેશમાં જૂની રૂઢિબદ્ધ કલાશૈલીથી માંડીને આધુનિક કલાનાં અજબ લાગતાં પણ ચોટદાર ચિત્રો સુધીની દરેક પ્રકારની કલાપરંપરાને જોનારો પ્રજાવર્ગ તૈયાર થઇ ગયો છે.

એક કાળે અમેરિકન કલાવિદ્યાર્થી પારીસ ને રોમને અનિવાર્ય તીર્થ માનતો; પણ આજે એ દેશમાં ચિત્રશાળાઓ અને વિદ્યાલયોની સગવડો ખૂબ વિપુલ થઈ છે. તેમના કક્ષા પણ ઊંચી ગઇ છે. જ્યૉર્જિયા પ્રાંતની યુનિવર્સિટીએ તો ત્રણ લાખ ડૉલરનું એક મકાન બાંધી કલા, સંગીત અને નાટ્ય માટે જ ત્યાં ખાસ ગોઠવણ કરી છે. ન્યૂ યૉર્કની 'આર્ટ સ્ટુડન્ટ્સ લીગ' આખા દેશમાં સૌથી મોટી સ્વતંત્ર કલાશાળા છે. ૧૮૭૫માં તે સ્થપાઈ ત્યારથી વિદ્યાર્થીઓની ફી ઉપર જ તે નિર્ભર રહી છે. આજે ૭૦૦ જેટલા ત્યાં વિદ્યાર્થીઓ છે અને ૧૨ થી ૧૭ ડૉલર એની માસિક ફી છે. અમેરિકાના કેટલાક નામી કલાકારો ત્યાંના જ સ્નાતકો છે. આ કલાશાળાનો મોભો પારીસનાં 'ઍતેલીઅરો' કરતાં જરા યે ઓછો નથી.

હમણાં યુરોપનો એક નવો નુસખો અહીં આવ્યો છે. તે ખુલ્લામાં ભરાતાં ચિત્રો ને શિલ્પનાં પ્રદર્શનો. રાહદારીઓની નજરે કળા લાવવી અને તેને રસ પમાડવો એ આ પદ્ધતિનો ઉદ્દેશ છે. કલા માટે દરેક જણમાં કેટલી લાગણી પ્રકટી છે તેનો આ નમૂનો છે.

આ ઉપરાંત કલાકારોની છાવણીઓ યોજવામાં આવે છે. મોટાં મોટાં શહેરોમાં તો કલાકારોનાં જૂથ હોય; કારણકે ત્યાં સંગ્રહસ્થાનો હોય, પ્રદર્શનો થાય, શીખવાના વર્ગો હોય, અને ચિત્રોનાં વેચાણ પણ થઈ શકે. પણ હવે દેશભરનાં દૂરદૂરનાં સુંદર સ્થળોમાં નાનાં નાનાં કલાસંસ્થાનો થવા માંડ્યાં છે. ત્યાં તેમને જરૂરી વસાહત, પોશાકો અને ટેવો મુજબની સગવડો આપવામાં આવે છે. પ્રસિદ્ધ કલાકારોને આવાં સ્થળો (છાવણીઓ)માં વિના ખર્ચે રહેવાનું આમંત્રણ આપવામાં આવે છે અને તેમનો લાભ એ રીતે તે તે દેશના ઊગતા કલાકારોને મળે છે. પર્વતોમાં, ઘટાદાર જંગલોમાં, જલધોધો કે ઝરણાંને કાંઠે, આ ક્યાંક ગ્રામપ્રદેશોમાં કે જંગલી જાતિઓની વચ્ચે—જ્યાંજ્યાં ચિત્રકળાને પ્રેરણા મળે તે તે સુંદર સ્થળોમાં આવી



અમેરિકન જીવનનાં આવાં સાદી શૈલીનાં લોકભોગ્ય ભીંતચિત્રો હજારોની સંખ્યામાં જાહેર ભવનોમાં કરવામાં આવ્યાં છે. ઉપર: એક પોસ્ટ ઑફિસની ભીંત પર અમેરિકાના એક ઉદ્યોગ–જંગલનાં ઇમારતી લાકડાં કાપવાનું ભીંતચિત્ર: કલાકાર–વાલ્ડો પીઅર્સ. નીચે: વૉશિંગ્ટનના સોશ્યલ સિક્યૂરિટી બોર્ડ બિલ્ડિંગની ભીંતપરનાં ચિત્રોમાંનું ફિલિપ ગસ્ટને દોરેલું એક ચિત્ર



કલાકારોની વસાહતો થઈ છે ત્યાં શહેરના બીજા ચિત્રકારો પણ નિવૃત્તિ અને પ્રેરણા લેવા જઇને રહે છે.

કેટલાક કલાકારો વળી એક મોટું ગાડું લઇને ધીરેધીરે દેશના અગોચર અને નૂતન પ્રદેશો ફરે છે અને અવનવાં લાક્ષણિક ચિત્રો લઇ આવે છે. કાર્મેલ નામનું ગામ–જેને લોકો 'આદર્શ ગામડું' કહે છે ત્યાં એકનાનું નાટ્યગૃહ, ચિત્રાલય ને સંગીતમંડળ પણ સ્થાપવામાં આવ્યાં છે. તે વળી કલાઆલોની ધૂનને પોષે એવી અનેરી જગ્યા છે. ત્યાં ટપાલ નહિ. ઘરો પર નંબરો નહિ, પોલીસની મંજૂરી વગર કોઈ ઝાડ પણ કાપી શકે નહિ ' કેટલેક ઠેકાણે કલારસિક શ્રીમંતોની મદદથી રહેવાની સગવડો મફત પૂરી પાડવામાં આવે છે આ ઉપરાંત કલાર્થીઓ માટે પુષ્કળ સ્કૉલરશિપો ને તેમને મદદ કરવાનાં વિપુલ ફંડો દેશમાં પડ્યાં છે. તેમજ દેશની આગેવાન સંસ્થાઓ તરફથી દર વર્ષે ઇનામો અને ચન્દ્રકો અપાય છે. **ર. મ. રા.**

('યુસોવી' તરફના ઈશબેલ રૉસના લેખને આધારે)

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો ૬૧મા પાને છાપ્યા છે; પણ ને જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે કેટલા ઉત્તર શોધી કાઢો છો તે જુઓ.

(૧) મારે ઘેર મહેમાન આવ્યા. તેમાંના બે-તૃતિયાંશ ભાગના માણસો ખાંડ નહોતા ખાતા; અરધા ભાગના માણસો ગોળ નહોતા ખાતા; એક પષ્ઠાંશ ભાગના માણસો ગોળ અને ખાંડ બંને ખાતા હતા; અને દસ જણ ગોળ કે ખાંડ કશું નહોતા ખાતા. તો કુલ મહેમાન કેટલા હશે?

(૨) દસ પૈસાને પાંચ હારમાં એવી રીતે ગોઠવો કે દરેક હારમાં ચારચાર પૈસા આવે.

(૩) નીચેનાં તખલ્લુસો કયા લેખકોનાં છે? ઘનશ્યામ વ્યાસ: મૂસિકાર; કથાદિલાન્ત.

(૪) ઇજિપ્તની જંગી પીરામિડોનાં ચિત્રો તો આપણે વારંવાર જોઇએ છીએ. તેની કુલ સંખ્યા કેટલી છે તે જાણો છો?

(૫) હિંદભરમાં ઊંચામાં ઊંચી ઇમારત કઈ?

(૬) એક હોંશિયાર ગાંધીએ પોતાની પાસે એવાં ચાર વજન રાખ્યાં છે કે જે વડે તે એક શેરથી એક મણ (૪૦ શેર) સુધીના કોઈપણ તોળ કરી શકે. તે વજન કયાં કયાં?

(૭) શું વધે? અરધાના અરધાનું બેવડું અરધું? કે ચોથિયાના બમણાનું બેવડું ચોથિયું?

નવાં પુસ્તકો

રવીન્દ્રવીણા (કવિવર ટાગોરની સંચયિતામાંનાં કેટલાંક ગાન): ઉતારનાર–ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક- ભારતી સાહિત્ય સંઘ, પો. બૉ. ૬૭૯, મુંબાઇ, ૨-૯-૦; **પરિભ્રમણ** (આલોચનાત્મક લખાણોનો સંગ્રહ): લેખક–ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક–ઉપર મુજબ, ૩-૦-૦; **ઈંધણાં** (ટૂંકાં કાવ્યોનો સંગ્રહ): લેખક અને પ્રકાશક–ઇન્દુલાલ ગાંધી, સમરસેટ સ્ટ્રીટ, કૅમ્પ, કરાચી, ૨-૦-૦; **ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના ચૌદમા અધિવેશનનાં વ્યાખ્યાનો તથા અહેવાલ**: પ્રકાશક-જયંતકૃષ્ણ હ. દવે, મહામાત્ર ભારતીય વિદ્યાભવન, ૩૩-૩૫ હાર્વે રોડ, મુંબાઈ-૭; **આભચિત્રો**: લેખક–ઈશ્વર પેટલીકર, સોલ એજન્ટસ–પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા, ૨-૮-૦; **ભારતના સંતો**: લેખક–રસુલભાઈ ન. વહોરા પ્રકાશક–પુસ્તકાલય સ. સ મંડળ લિ. વડોદરા ૧-૮-૦,

સંત્રી

(અનુસંધાન પાછળના પાન ૬૫થી)

સંત્રી ધીરજથી ટહેલતો હતો. ગરમ પવનના આકરા ઝપાટામાં તેના લોહટોપની શ્વેતપિચ્છ કલગી ઊડી ગઇ હતી.

'નાસો . . . ભાગો . . . જીવ બચાવો'ના અવાજો એના કાને અફળાતા હતા. કેટલા યે મનુષ્યો તેને નાસી જવા કહી ગયા હતા, પણ એ અડગ હતો. લોકો તેને પાગલ સમજી આગળ દોડ્યે જતા. એક દીકરો પોતાની માને ખાંધે ચડાવી નાસતો હતો. માની નજર ગઇ. તેણે સંત્રીને નાસવા કહ્યું. પુત્રે પણ દોડતાંદોડતાં નાસી જવા કહ્યું. સર્વ મિથ્યા.

રમણીઓના ચિત્કાર, બાળકોનાં રૂદન, મોટેરાંના આહ સંત્રીને કાને અથડાતાં હતાં. 'ના, નથી જ ખસવું !' એ મનમાં નિશ્ચયાત્મકપણે બબડતો હતો.

ઘડીમાં એ ચાલીસે પગથિયાં ચડે છે; વળી ઊતરે છે. ફરી પાછો ચડે છે. દૂરદૂર નજર નાખે છે. કઠોર હૃદયને યે હલબલાવી નાખે એવા કેટકેટલાં દશ્યો જુએ છે ! મનુષ્યોની પાછળ લાવા દોડે છે. ઘાં નાસી નથી શકતી. ઘરડાં અથડાઈ મરે છે અને લાવા ઉપર ફરી વળે છે. મોટી મહેલાતોના ભાગ નષ્ટ થતા એ નિહાળે છે. મહેલોના મોટા સ્થંભો ઢળી પડતા નજરે જુએ છે. શિલ્પસ્થાપત્યની ભવ્યતમ કારીગરીને લાવાની જીભો ચાટી જતી નિહાળે છે.

ત્યાં . . . અશ્વો કેટલી ઝડપથી દોડે છે ! રથમાં કેટલાં માણસો ખડકાયાં છે ! અશ્વો પર ચાબુક વીંઝાય છે. માર ! અમાનુષી માર !

'નિર્દય !' સંત્રી બબડે છે.

એ આવ્યો ! એ આવ્યો !! લાવા જાણે શરત રમે છે. થોડા સમયમાં બે ઘોડાને આંબી નાખવાનો. હવે તો ફક્ત દસ જ ડગલાં લાવા દૂર છે. ઓહ ! અંતે પેલા નિષ્ઠુર મનુષ્યો પર કાળનો પંજો ઝીંકાયો. અશ્વ બેફામ પડયો. અશ્વ, ગાડી તથા મનુષ્યોને સમાવતો લાવા આગળ ધસ્યો.

સંત્રી ઝડપથી નીચે ઊતરવા લાગ્યો. બરાબર તેરમે પગથિયે તે અટકયો.

સાર્વજનિક હમામ, ઍમ્ફી થીએટર, સાર્વજનિક બાગ, સેનેટનું ભવ્ય મંદિર, નગરની મહેલાતો, સુંદર બાગો, મનોહર સ્મારકો સર્વનો નાશ. . .નાશ. . .ભયંકર નાશ થતો સંત્રીની નજર જોઇ રહી.

નગરને છેક બીજે છેડે, ઉચ્ચ સ્થાને આવેલા આ ભવ્ય પ્રાસાદને પગથિયે હવે લાવા આવી પહોંચ્યો.

સંત્રી તેરમે પગથિયે દૃઢ પગલે ઊભો હતો.

એક . . . બે . . . ત્રણ પગથિયાં ડુબાડતો લાવા ચડયો.

ગભરાટની એકે ય રેખા સંત્રીને સ્પર્શી નહિ.

ચાર . . . પાંચ . . . છ . . .

કાળની લખલખતી જીભ હોય એમ લાવા બારમે પગથિયે આવી અટકયો. મૃત્યુને ઉપર આવવાનું આમંત્રણ આપી સંત્રી ચાલીસમે પગથિયે સ્થંભાવલિની વચ્ચે જઇને વીરત્વની પ્રતિમા શો ઊભો રહ્યો.

આવું અપમાન કરનાર પર મૃત્યુ રોષ ન ઉતારે ?

એ ચાળીસમે પગથિયેથી પ્રાસાદના બાગની પેલી ભવ્યકાય વૅરોસાની મૂર્તિને ડૂબતી સંત્રી જોઈ રહ્યો. કલાના એ લાવણ્યમય સ્વરૂપનો કારમો નાશ જોતાં એણે એક પળભર કમકમાટી અનુભવી. પણ તરત જ એ સ્વસ્થ થઈ ગયો.

આવી મૂશળધાર દુ:ખવર્ષામાં પણ એને નાસી જવાનો વિચાર ના આવ્યો જ નહોતો. એનું ધ્યેય એક જ હતું: 'માલિકની આજ્ઞા ઉઠાવવી. માલિકની મિલ્કત સાથ કોઇ ચેડાં ન કરે.' પરંતુ જ્યાં કુદરતની લૂંટ ચાલી ત્યાં એની પાશબાનીની શી વિસાત ?

સહેજ શાંત પડેલો વિસુવિયસ બમણા જોરથી ભભૂકી ઊઠયો. ચાળીસમે પથથિયે ઊભેલા સંત્રીને બારમા પગથિયાના લાવાની જોરથી છાલક વાગી ! મૃત્યુનો કોરડો વીંઝાયો હોય એમ ચારે બાજુથી લાવા હવે એને ઘેરી વળ્યો. સ્થંભાવલિ વટાવી દ્વારમાં પેસી લાવા પ્રાસાદને ભરખી ગયો. પોતાને ન ગણકારનાર એ માનવતણખલાંને પેટાળમાં દાબી દસદસ ગજ ઉપર ચડી ગયો ! શું તે વખતનો એનો તોર ! એનો ફૂંફાડો ! પ્રલય સમયે આખા જગતને ભરખી જતા જલરાશિની શક્તિ કોઇએ જોઈ છે ? તો જ આ ભરખાઈ જતા પૉમ્પીઆઈ પર બેફામ ઉછળતા લાવાના જોમનો ખ્યાલ આવશે. આખરી પલનો હિસાબ રાખવા સંત્રી ઊભો, પણ એક જ છાલકે તેને ગડપ કરી દીધો.

પૉમ્પીઆઇ લાવાથી છલછલ છલકાતું હતું.

સૈકાઓ પર સૈકાઓનાં અસંખ્ય વર્ષો વીતી ગયાં. એ વર્ષોને માસે માસે આવતી ભેંકાર દેતી અમાસો અને સુમધુર પૂર્ણિમાઓએ પૉમ્પીઆઈ ઉપરના આકાશને અંધકારે ઘેર્યું અને પ્રકાશથી છલકાવ્યું, તોપણ પૉમ્પીઆઇની ઊંઘ ન ઊડી. યુગયુગનાં ઘારણ લાગ્યાં હોય એમ એ સોડ તાણી સૂતું હતું. જાગૃતિ પણ કેવી રીતે આવે ? કોઇ ઢંઢોળનાર જ ન આવ્યો.

. . . અને એક દિન આવ્યો.

કેટલાક પુરાતત્ત્વવિદો આવ્યા પૉમ્પીઆઇના એ લાવા-મેદાનના પેટાળને ઉઘાડવા. મજૂરે જોરથી ત્રીકમનો ઘા કર્યો અને લાવાનું પડ ઉખેડયું. કામદારો કામે લાગી ગયા. લાવાના પત્થર ને પડો ઉખેડી ઉખેડીને દૂર કર્યાં. પૉમ્પીઆઈનાં ખંડેરોમાં પુરાવિદો ભમવા લાગ્યા. એ પ્રેતનગરીએ ઘડીભર એ ખંડેરના યાત્રીઓને ડારી દીધા. આંખો ભરીભરીને એમણે જોયું. પાનાં ભરીભરી એમણે નોંધો લીધી.

સંધ્યા ટાણે જ્યારે આકાશનો દીવડો પશ્ચિમાકાશે પ્રકાશ ફેંકતો હતો ત્યારે વિસુવિયસની તળેટીમાંની પુરાવિદોની છાવણીમાં એક મુકાદમ દોડી આવ્યો.

'સાહેબ.'

'શું છે?'

'નગરના છેક પેલા દૂરના પાદરે એક મહેલ હાથ લાગ્યો છે. ખોદાણ ચાલુ છે. લગભગ પચ્ચાસ થાંભલા પર એની છત ટેકવાઈ છે.'

'સંભવિત છે.'

'વચ્ચેના બે મોટા થાંભલા આગળ એક હાડપિંજર છે. પણ એ પડી નથી ગયું; પણ હજુ ઊભું છે !'

'એમ ?'

'હા; ખોપરી પર લોઢાનો ટોપ છે અને પગ પાસે ભાલાનું ફળું પડયું છે. જોદ્ધા જેવો લાગે છે.'

ત્રણે પુરાવિદ એ અજબ શબ જોવા તૈયાર થઈ ગયા.

'સાહેબ, સાંજ પડી છે.'

'તોપણ જઈશું.'

'પ્રેતનગરીમાંથી ત્રણ પુરાવિદ અને ચોથો મુકાદમ ચાલ્યા. આકાશે ચંદ્ર ચડયો હતો.

વળતી વેળા પેલા હાડપિંજર પર ત્રણેનો એક જ મત હતો: 'વિસુવિયસના ફાટવાથી જે અંધાધૂંધી અને ગેરવ્યવસ્થા થઇ તેનો લાભ લઈ આ મહેલનું ઝવેરાત લૂટવા કોઇ સિપાઇ આવ્યો હશે !'

હરીશ મં. સંઘાડિયા

સર વિલિયમ રૉથેન્સ્ટાઈન

(અનુસંધાન પાછળના પાન ૫૯ થી) અભિનવ સંસ્કૃતિના કલાકારો (આર્ટિસ્ટ્સ) ને ભવનવિધાતાઓ (આર્કિટેક્ટ્સ)ની તે આદરપૂર્વક સમાલોચના કરતા અને પોતે પણ એવા આદર્શોમાં પ્રીતિ ધરાવનાર તથા ઉત્તમ ચિત્રકાર ને આલેખ્યકાર તરીકે એ વખતથી જ જાણીતા થયા. જે વયે ઘણાઓ જીવનમાર્ગ નક્કી કરવા માટે ફાંફાં મારતા હોય છે તે વયે તો એ પ્રત્યેક કાર્ય પ્રતીતિપૂર્વક કરી શકતા.

અને પોતાની શક્તિ તથા કલાનું ગૌરવ પણ તેમને મન ઊંચુ હતું. 'ઑક્સફર્ડ કૅરેક્ટર્સ' પછી 'લંડન પોર્ટ્રેટ્સ', 'મૅન્ચેસ્ટર કૅરેક્ટર્સ' વગેરે તસ્વીરમાળાઓ તેમણે બહાર પાડી. એ બધાંનું નિર્માણ તેમણે ધંધાની બુદ્ધિથી નથી કર્યું, પરંતુ ભાવિ પ્રજા પ્રતિ એક કર્તવ્ય બજાવ્યું છે. જે તે મામૂલી માણસોની છબિ આલેખવા તે દરકાર પણ કરતા નહિ. જે લોકોના જીવનમાં જગત કાંઇક રસ લઈ રહ્યું હોય તેવાને જ તે છબિને પાત્ર ગણતા, અને તેમના જીવનનું રહસ્ય તેમના મુખમંડળમાં ઉતારી લેવાનો ઉચ્ચ આગ્રહ અને આશય તે રાખતા, જેથી ભાવિ પ્રજા તેને જોતાં તેની પ્રતિભાની પ્રતીતિ પામે.

'ઑક્સફર્ડની વ્યક્તિવિશેષ'નો તસ્વીરગ્રંથ બહાર પડ્યા પછી લંડનના ચેલ્ઝી નામના પરામાં તેમણે મુકામ નાખી સ્ટુડિયો ઉઘાડ્યો અને ન્યૂ ઇંગ્લિશ આર્ટ ક્લબ નામના કલાકાર મંડળમાં જોડાયા. અહીં ચાર્લ્સ સ્ટીઅર તથા ચાર્લ્સ સીકર્ટ નામના બે પ્રસિદ્ધ કલાકારોની મૈત્રી સાધી. એ કાળમાં કલાકારોના આશ્રયદાતાઓ બહુ ઓછા હતા. ઘણાને તો ચિત્રો વેચવાની પણ બહુ મુશ્કેલીઓ પડતી.

પારીસમાં તેમણે બેઠા રંગોમાં ચિત્ર કરવાની શૈલી પકડી હતી, તેને અહીં આવીને વધારે ઘનતા અને ઉઠાવ આપવા માંડ્યાં. તે પોતે જોકે સાદૃશવાદી (realistic) સંપ્રદાયના હતા, છતાં એ સંપ્રદાયનાં સમકાલિન ચિત્રોમાં પ્રયોજન અને ભાવનાની ઊણપ તેમને સાલતી. નિસર્ગના ગાઢ પરિચયમાંથી સ્ફુરતું ચૈતન્ય ને નરી સરલતા તથા પ્રકાશ એવાં ચિત્રોમાં કેટલાં દુઃસાધ્ય જણાતાં ! એ લખે છે: 'મારામાં કલ્પનાનો અભાવ હતો, પણ કલ્પનાશાળી કલાકારો પર હું મુગ્ધ બનતો. સ્ટીઅર જેવા મારા કેટલાક મિત્રો કેવળ સાદૃશ્ય ચિત્રકામમાં જ પર્યાપ્તિ માની લેતા, ને બાકીનાને તે 'ભાષાસાહિત્ય' ગણતા. પરંતુ પારીસના 'લુવ્ર' અને ઇંગ્લંડની 'નૅશનલ ઍકેડેમી'માંના ચિત્રો જોતાં મને લાગતું કે અતિ સંપૂર્ણ કલાકારોમાં વિપુલ મનોવૈભવ હતો; અથવા બીજી રીતે કહીએ તો બુદ્ધિવૈભવની સાથે ક્રિયાશક્તિની અપૂર્વ જમાવટ હતી છતાં મેં તો દૃષ્ટિગોચર સૃષ્ટિને જ મારું લક્ષ્ય રાખીને શ્રદ્ધા રાખી કે કોઈક વખતે તો મારા કામમાં તેનું રહસ્ય ઉભરાશે દૃશ્ય જગત સાથે જો તાદાત્મ્ય સાધી શકીએ તો કોઈક કાળે તેમાંથી પણ કોઈ અગોચર ભાવો બહાર નીકળી આવે છે, અને તેમાં જ ચિત્રકારની પરાકાષ્ઠા છે. નજરે પડતાં બાહ્ય સ્વરૂપોની પાછળ અદૃશ્ય ઈશ્વરતત્ત્વ રહેલું જ હોય છે. કોઇ પણ સાચો ચિત્રકાર વસ્તુનું માત્ર બહિર સ્વરૂપ ઉતારવાને બદલે તેને જ પકડવાને મથશે. ચિત્રાલેખનનાં ક્રિયાકૌશલ્ય એ તો એ ઈશ્વરી રહસ્યોને પકડવાની એક જાળ માત્ર છે. એ જાળ જો દેખાઇ જાય, તો એ રહસ્યો એવાં શરમાળ ને ચપળ છે કે તેમાં ન જ આવે.'

વખત જતાં જૉન સાર્જન્ટ, વિલિયમ ઑર્પેન અને ઑગસ્ટસ જૉન જેવા નામી તસ્વીરકારો તેના મિત્રમંડળમાં ઉમેરાયા. તેમાંના છેલ્લા બેના તો પોતે મુરબ્બી મિત્ર જેવા બનેલા. એક વાર ફરીથી તેમણે ફ્રાન્સની મુલાકાત લીધી. એ વખતે મહાન શિલ્પી રોદૅં સાથે તેમને વધુ ઘરોબો બંધાયો, અને ઈ. ૧૯૦૩માં રોદૅં ઇંગ્લૅંડ આવ્યો ત્યારે આ મિત્રોએ તેમને અપૂર્વ માન આપ્યું. કળાના વિદ્યાર્થીઓએ તેમની ગાડી ખેંચેલી અને ખુદ જૉન સાર્જન્ટ એ ગાડી હાંકવા બેઠેલા.

(ચાલુ) ર. મ. રાવળ

(હિંદી સંસ્કૃતિનો પરિચય સાધી તે હિંદના ગુણાનુરાગી બન્યા ત્યારથી તેમની શેષ જીવનરેખા આવતા અંકમાં)

ટિકિટ સંગ્રહ કરવા વિષે

૧૦-દગા સામે તકેદારી : (૨) કાગળ–શાહી

ટિકિટો પર પડેલી પોસ્ટમાર્ક સાફ કરીને તેને ફરી વપરાતી અટકાવવા માટે યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાએ શોધેલી 'ગ્રિલ'–જાળી પાડવાની યુક્તિ વિષે આપણે ગયા અંકમાં જાણી ગયા. દક્ષિણ અમેરિકાના 'વેનેઝુએલા' દેશે તે માટે જુદાં જ પગલાં લીધાં છે તેણે પોતાની ટિકિટો ખાસ બનાવટના 'સિક્યુરિટી' પેપર ઉપર છાપી. એ કાગળ એવી બનાવટના આવે છે કે જેના ઉપર ડાઘ પાડવા માટે કરેલો ભૂંસવાનો કે સાફસૂફીનો કોઈ પણ રાસાયણિક પ્રયત્ન થતાં કાગળનો રંગ બદલાઇને ત્યાં ડાઘ પડી જાય, અને આમ પ્રયત્ન છતો થઈ જાય. આવી જાતના કાગળો બૅંકોના ચેકમાં થતા દગા અટકાવવા માટે ચેકબુકોમાં વપરાય છે. વેનેઝુએલાએ પોતાની ટિકિટો આવા કાગળો ઉપર છાપી.

ત્યાર પછી, એટલેથી પણ ન અટકતાં, એ દેશે એક વખત છપાએલી ટિકિટો ઉપર, ખાસ ઉપસેલી જણાય એવી વિશિષ્ટ પ્રકારની આછી શાહી વડે સુંદર ભાતનું ડિઝાઈન બીજી વખત છાપ્યું. જોકે એથી ટિકિટના મૂળ આલેખનની સ્પષ્ટતા ને સૌન્દર્ય ઝંખાઇ જાય છે



આ ઉપર તેના નમૂના છાપ્યા છે, જેમાં ડાબી બાજુએ મૂળ ટિકિટ દર્શાવી છે, અને જમણી તરફ, તેના ઉપર છપાતી ડીઝાઇન જુદી તારવીને બતાવી છે, જેની વચ્ચે અંગ્રેજીમાં 'સિક્યુરિટી પેપર' એવા અક્ષરો વંચાય છે. હરિલાલ શંકર

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૧૨]

લેખક
ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

કોચરબમાં સૌ પ્રથમ સ્થપાએલા ગાંધીજીના આશ્રમની છાયછેરામાંથી મેં સ્વ. રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ' વાંચવા લીધી હતી હું માનું છું કે અમદાવાદમાં એ વાંચનાર હું પહેલો હતો.

વાંચતાં જ મને લાગ્યું કે અત્યાર સુધીના પૂર્વ અને પશ્ચિમના લગભગ તમામ કવિઓના અંગમાંથી ટાગોરની કવિતા બની છે. અને 'ગીતાંજલિ'ની તાજગી, આશાવાદ, પ્રેમ, ભક્તિ ને નવીન મોહકતાએ મને ઘેરી લીધો. એમના એક એક કાવ્યનું જુદું જુદું મનન કરવા હું કાંકરિયા તળાવે જતો અને તારકવૃન્દોના સાન્નિધ્યમાં શાન્ત એકાન્ત રાત્રીઓ આવી જતી ત્યાં સુધી તે કાવ્યોના રસાસ્વાદ મન ભરીભરીને લીધા કરતો.

એ કવિને જીવન પ્રિય છે. જીવવું એમને ગમે છે. સંસારની બધી વસ્તુઓ એમને મન પવિત્ર છે. કુદરતનું સૌન્દર્ય, પક્ષીઓનાં ગીત, નદીઓનાં વહેણ, સંગીતની મિઠાશ, વનોની શોભા, નવયુગલોની આશાઓ, પત્થર ફોડનારા ને સડકો બનાવનારાઓમાં પ્રભુનાં દર્શન, બાળકોના વિકાસમાં પરિપૂર્ણતાનાં મૂળ, માબાપ ને બાળકોના યોગમાં પ્રભુની કોઇ અગમ્ય ઈચ્છાઓ, જગત રૂપી મેળો, આપણાં કર્તવ્યકર્મો પાછળ પ્રભુના રહસ્યમય આદેશો વગેરેવગેરે વિષયો એમનાં કાવ્યોમાંથી નવી જ રીતે મને મળતા ગયા.

'ગીતાંજલિ'માં જાણે ઉપનિષદ ને ગીતાનો સંગમ થઈ ગયો હોય અને ઉચ્ચ તત્ત્વજ્ઞાનની એમાં સ્વાદિષ્ટ કવિતા બની ગઇ હોય એવું મને લાગ્યું. એ ગીતો તથા કવિનાં બાળકાવ્યો ('બીજનો ચંદ્ર') હું વર્ષો સુધી વાંચ્યે જ ગયો. 'ગીતાંજલિ' તો જાણે મારા જીવનનો એક ભાગ બની ગઇ.

'આખું જગત માણસોથી ભર્યું છે, એ સૌને મૂકીને આ બાળકે તારી જ આંગળી કેમ પકડી?' એમ જ્યારે કવિ આપણને પૂછે છે ત્યારે દેવનાં દોરેલ બાળકો પ્રત્યે મ બાપના ધર્મ, શિક્ષણશાસ્ત્ર, બાળકેળવણી બધું સમજાઈ જાય છે.

"તેં મને અનંત બનાવ્યો છે, એવી તારી લીલા! આ પોલી વાંસળી જેવો મારો દેહ તું તારી જ ફૂંકથી ભરે છે ને હાલવે છે! ફરી ભરે છે ને ફરી ઠાલવે છે! દરેક વખતે તારી ફૂંક એમાં નવા પ્રાણ પૂરે છે.

આ વાંસળી રૂપી મારા દેહને તેં ટેકરીઓની ટોચ ઉપર અને ખીણોમાં ફેરવ્યો છે. અને એમાં હમેશાં નવાં ને નવાં ગીતો તું વગાડ્યે જ ગયો છે!

તારી આંગળીઓના અમર સ્પર્શથી મારૂં નાનકડું હૃદય તો આનન્દમાં ગુલતાન થઇ ગયું છે અને કદી યે ન વિલાય એવા ઉદ્ગાર કરી ઊઠે છે.

તારી બક્ષિશો તો આમ, રોજ ને રોજ મને મળ્યા જ કરે છે. પણ મારા હાથમાં એ માતી નથી. યુગો વહી રહ્યા છે અને તું આપ્યે જ જાય છે. હું બધી લઇ શકતો નથી અને તો યે ધરાતો નથી."

'ગીતાંજલિ'માં આ એમનું પહેલું જ કાવ્ય; અને કેટલું બધું શ્રદ્ધાભક્તિથી સભર! એ વાંચ્યે આજે ૨૮ વર્ષ થઇ ગયાં, પણ રંગને બેવફાઇથી એના મર્મને હું કોઈ દિવસ ભૂલી ન બેસું એવી ચીવટ મને હમેશ રહ્યા કરી છે.

"જ્યારે ખુદ તું મને ગાવાનું કહે છે ત્યારે મારી છાતી ગૌરવથી ફાટફાટ થઇ રહે છે. હું તારા મુખારવિંદ તરફ જોઈ રહું છું અને મારી આંખોમાં આંસુ ઉભરાઇ આવે છે!

મારા જીવનમાં જે કંઇ કઠોર અને બસૂરૂં છે તે બધું ઓગળી જાય છે ને બધે સૂરીલી



કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની
રૅથેન્સ્ટાઇને આલેખેલી રેખાતસ્વીર

મધુરતા વ્યાપી જાય છે!

નિષ્કામ કર્મયોગ શુષ્ક થઈ જાત, જો ટાગોરની આ કવિતા મારી પાસે ન આવી હોત.

"પ્રાણજીવન! મારૂં શરીર હું હમેશ સ્વચ્છ રાખીશ. કારણકે મારા એકેએક અવયવ પર તારો ચેતનપૂર્ણ સ્પર્શ થવાનો.

મારા વિચારોમાંથી હું તમામ અસત્યો દૂર રાખવાનો પ્રયત્ન કરીશ, કારણકે મારા મનમાં બુદ્ધિ રૂપી દીપ સળગાવનાર પરમ સત્ય તું છો.

મારા અંતઃકરણમાંથી તમામ અશુભોને હું હાંકી કાઢીશ અને પુષ્પ પર પ્રેમ કરીશ, કારણકે હું જાણું છું કે તારૂં સિંહાસન તો મારા હૃદયના ઊંડામાં ઊંડા હૃદય રૂપી મંદિરમાં છે.

અને મારો હમેશનો પ્રયત્ન તો તને મારાં સકળ કર્મોમાં પ્રકટ કરવાનો રહેશે, કારણકે કામ કરવાનું બળ તો તારી જ શક્તિમાંથી મેં મેળવ્યું છે."

અને—

"આ નાના પુષ્પને તું જ ચૂંટી લે. વાર ન કર! નહિ તો એ ચીમળાઈ જશે અને ધૂળમાં રગદોળાશે.

તારા હારમાં એ ગૂંથવા યોગ્ય ન લાગે તો ભલે; પણ ચૂંટાવાના દુઃખનું માન તો એને આપ! સાંજ પડી જાય, પૂજાનો સમય વીતી જાય ને હું રહી ન જાઉં.

આ પુષ્પનો રંગ કંઇ બહુ સારો નથી; અને સુગંધ પણ ઠીક જ છે. છતાં તેને તું તારી પૂજા માટે વખત છે ત્યાં સુધી તોડી લે!"

વળી—

"મોક્ષ? મોક્ષ ક્યાં મળવાનો છે? આપણા માલિકે તો જાતે સૃજનનાં બંધન ખુશીથી પોતાને માથે લીધાં છે. એ તો આપણી સાથે સદાને માટે બંધાયો છે, અને તું મોક્ષ શાનો શોધે છે?"

ટાગોરનાં આવાં તો કેટલાં યે કાવ્યોએ મને જીવનનો માર્ગ સરળ કરી બતાવ્યો, ભક્તિનમ્ર બનાવ્યો, ઉલ્લાસ પ્રેર્યો, આત્મવિશ્વાસ સ્થાપ્યો અને દૃઢતા, પ્રસન્નતા તથા આનન્દની ભેટ ધરી.

હવે હું વાચકને જ પૂછું છું કે મારી પાસે બહુ પૈસો નથી તેથી શું થઇ ગયું? આટલું બધું કવિતા રૂપી ધન જેની પાસે છે તે ગરીબ કહેવાય? (ચાલુ)

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર: પ્રવીણસાગર લવજીભાઈ ત્રિવેદી-અમદાવાદ

યુદ્ધને કારણે દરિયાપારના દેશોની ટપાલમાં આવેલી અનિશ્ચિતતા અને અનિયમિતતાને લીધે પરદેશી પત્રમિત્રોનો મોટા ભાગનો પત્રવ્યવહાર ખોરવાઈ પડ્યો છે. તેમાંના ઘણાખરા તો યુદ્ધકાર્યોમાં પણ વળગી ગયા હશે. આ કારણે આ વિભાગ હમણાં બેએક વર્ષથી લગભગ બંધ પડવા જેવો બની ગયો છે તે દરમ્યાન દેશમાંથી અનેક પત્રમિત્રેચ્છુઓની પૃચ્છાઓ નવાં નવાં સરનામાંઓ માટે અમને મળ્યા કરી છે; પરંતુ ઉપરના કારણે તેમને સંતોષ આપવાનું અશક્ય છે. તુરત માટે તો આ સંજોગોમાં અમે એટલું જ કરી શકીશું કે હાથ લાગશે તેટલા પત્રો અવારનવાર અહીં પ્રકટ કરતા રહીશું ને હિંદી પત્રેચ્છુઓનાં સરનામાં આપતા રહીશું, જેથી તેમના કોઈ સમાનધર્મી હિંદી મિત્રો તેમની સાથે પત્રવ્યવહાર કરી શકે અને તેમને પોતાની પાસેનાં શક્ય પરદેશી પત્રમિત્રોનાં સરનામાં પણ પહોંચાડી શકે.

૧૦૦૮ વેબ્સ્ટર સ્ટ્રીટ
ન્યૂ ઑર્લીઅન્સ, ૧૫ લા (યુ. સ્ટે. અ.)
ઑગસ્ટ ૧૨, ૧૯૪૪

પ્રિય પ્રવીણસાગર,

અંતે 'બેનીદા'* કાગળ લખવા બેઠો છે! તમારા પત્રોથી અમને ખરેખર ખૂબ જ આનંદ થયો છે. એ કાગળો હિંદ વિષે મારા મનમાં જાણે ગૃહવિયોગ (home-sick) થયાની લાગણી પ્રગટાવે છે. હિંદમાં ગાળેલાં મારાં બધાં વર્ષો એટલાં બધાં સંસ્મરણોથી ભરચક છે કે આટલો બધો વખત થયા છતાં હું ફરી ત્યાં આવી શક્યો નથી એથી મને ગ્લાનિ થયા કરે છે. મેં હિંદ છોડ્યું ત્યારે તો મારી ખાતરી હતી કે વહેલો પાછો ફરીશ. એટલે તમારા પત્રો જાણે 'મારી બીજી મા-ભોમ'ના જ અંગ સમા લાગે છે અને મને તેની વધુ નિકટ ખેંચે છે. હું વારંવાર નથી લખી શક્યો તે માટે મને ક્ષમા કરશો. એનો અર્થ એમ નથી કે અમે તમને સંભારતા નથી; પણ જેમ વરસ વીતતાં જાય છે તેમ હું પત્રવ્યવહારમાં નઠોર થતો જાઉં છું. પણ હવેથી હું સુધરવા યત્ન કરીશ.

તમને જાણીને આનંદ થશે કે હમણાં અમે બધાં જ અહીં ભેળાં મળ્યાં છીએ—મેરી (મિસિસ બૅન્ક્રૉફ્ટ), કાર્ટર (૭ વર્ષનો પુત્ર), મિશાએલ (૨ વર્ષ); મારી બહેન જૂન અને તેનો પતિ રાલ્ફ, તથા તેનાં બાળકો જૅન (૮ વર્ષ) અને બૉની (૭ વર્ષ). અમે અહીં પખવાડિયાની વૅકેશન ગાળી રહ્યા છીએ. અમારામાંનું એકેએક જણ—નાનું ને મોટું સૌ—તમને હેતપૂર્વકના સ્નેહાદરભાવ મોકલીએ છીએ.

તમને કદાચ નવાઈ લાગશે કે અહીં ન્યૂ ઑર્લીઅન્સમાં—યુનાઈટેડ સ્ટેટ્સના છેક દક્ષિણ છેડે અમે અહીં શું કરીએ છીએ! હું 'યુનાઇટેડ સી-મેન્સ સર્વિસ'નો ગલ્ફ કોસ્ટ રીજીઅનલ ડિરેક્ટર (સમુદ્રકિનારાનો પ્રાદેશિક નિયામક અમલદાર) છું ને તેને અંગે અહીં મારી કામગીરી છે. 'યુનાઇટેડ સી-મેન્સ સર્વિસ' એ અમેરિકન વ્યાપારી વહાણવટાનાં માણસોને માટે હૉટેલો, આરોગ્યધામો અને અંગત આસાએશની સગવડો આપનારી એક જગવિખ્યાત સંસ્થા છે. તમે જાણો છો કે અમારાં વેપારી વહાણો અમારાં કારખાનાં અને ખેતીની ઉપજ તથા બીજી બાજુ યુદ્ધક્ષેત્રની વચ્ચે જીવાદોરી સમાન છે. અમારા જે બહાદુર વહાણખેડુઓ સબમરીનોથી ખદબદતા દરિયા અને બૉમ્બર વિમાનોની વર્ષાઝડીઓ વચ્ચેથી પુરવઠાનાં જહાજો ખેંચી ખેંચીને યુદ્ધક્ષેત્ર પર માલ પહોંચાડે છે. તેમને સુખ, આનંદ ને આરોગ્યદાયક સગવડો કરી આપવાનું અમારે કામ છે. બહુ જ અચ્છા માણસો છે એ લોકો, અને મને આ કામમાં ખૂબ મઝા આવે છે. એને અંગે મારે ખૂબ મુસાફરી કરવી પડે છે, કેમકે મારા વિભાગમાં ન્યૂ ઑર્લિયન્સ પ્રાંત ઉપરાંત ટેક્સાસ પ્રાંતના હાઉસ્ટન, ગાલ્વેસ્ટન અને પોર્ટ આર્થર બંદરોનો પણ સમાવેશ થાય છે.

યુનાઇટેડ સ્ટેટ્સનાં આ બંદરોનો મને અગાઉ કદિ પરિચય ન હતો. હું જ્યારે અહીં આવ્યો ત્યારે અહીંના તેમજ હિંદના કેટલાક ભાગ (ખાસ કરીને બંગાળ)નાં હવાપાણી અને ભૂમિદશ્યો વચ્ચેનું સરખાપણું જોઈને મને બહુ નવાઈ લાગી. અહીં પણ ગરમી ખૂબ પડે છે, વર્ષાદ સારી પેઠે આવે છે, તાડવૃક્ષો પુષ્કળ સંખ્યામાં છે અને ફૂલ બધાં ભરચક ઊગે છે. આ બધું જોઈને પણ મને હિંદ માટે વિયોગની લાગણી થઈ આવે છે. હું ન્યૂ યૉર્કમાં હતો ત્યારે મારી આજુબાજુનું વાતાવરણ એવું હતું કે ક્વચિત જ હિંદ મને યાદ આવતું, પણ અહીંનાં ઝાડ, અહીંની ભૂમિ, આકાશ અને બીજી ઘણીઘણી વસ્તુઓ મને હિંદનું સ્મરણ કરાવે છે ને અવારનવાર પડતી અહીંની ધોધમાર વર્ષાઝડીઓ તો મને ત્યાંના ચોમાસાની આબેહૂબ યાદ આપે છે.

વચ્ચે કહી લઉં, કે ત્યાં કલકત્તા અને મુંબાઈ બંને શહેરોમાં અમારા 'યુનાઇટેડ સી-મેન્સ સર્વિસનાં થાણાં છે. હું એ બેમાંથી એકાદ મથકે નીમાયો હોત તો મને બહુ જ ગમત; પણ અનેક કારણોસર એમ બની શક્યું નહિ. તમે જો તરતમાં મુંબાઈ જવાના હો તો અમારી ત્યાંની હૉસ્ટેલમાં જઈને ત્યાંના નિયામકને મારા પુરાણા મિત્ર તરીકે તમારી ઓળખાણ કેમ ન આપો? મારી ખાતરી છે કે તમારી મુલાકાતથી એને બહુ આનંદ થશે, અને મારે અહીં જે કામ કરવાનું છે એનો ખ્યાલ એથી તમને આવશે.

હિંદના પૂર્વોત્તર પ્રદેશોમાંથી જાપાની લશ્કરને મારી હઠાવ્યાના સમાચારો હમણાં વાંચ્યાથી બહુ આનંદ થયો. મારી ખાત્રી છે કે એશિયાના લોકોની મુક્તિ માટે પોતે લડે છે એવા જાપાનના પ્રચારમાં તમે તો નહિ જ માનતા હો. એમનો હેતુ મુક્તિનો નહિ પણ ગુલામી કબજાગીરીનો છે.

અહીં યુનાઇટેડ સ્ટેટ્સમાં લડાઈને કારણે, અલબત્ત ઘણા ફેરફાર થઈ ગયા છે. અમારા લાખો સૈનિકો યુદ્ધક્ષેત્રો પર પહોંચી ગયા છે અને ફ્રાન્સ, ઈટલી તથા પાસિફિકમાંથી આવતા ખબરો કહે છે કે તેઓ પોતાનું ખમીર બરોબર બતાવી રહ્યા છે. લાખો સ્ત્રીઓ યુદ્ધ-ઉદ્યોગોમાં કામે લાગી ગઈ છે અને અસંખ્ય આધેડ લોકો પણ પાછા કામગીરીએ વળગી ગયા છે. ખોરાકની ઘણી ચીજોમાં માપબંધી આવી ગઈ છે, અને નવી મોટર લેવી તો અશક્ય થઈ પડી છે. છતાં યે, જ્યારે રશિયા, ચીન, ઈંગ્લેંડ, ચેકોસ્લોવાકિયા, ફ્રાન્સ આદિ દેશોનાં સંગ્રામોનો ખ્યાલ કરીએ છીએ ત્યારે મુકાબલે અમે કેટલા ભાગ્યશાળી છીએ તેનું ભાન થાય છે.

મને તો ઊંડી પ્રતીતિ છે કે આ યુદ્ધને અંતે ન્યાયપૂર્વકની સુલેહ થશે અને પરિણામે સર્વ પ્રજાઓને વધારે સ્વાતંત્ર્ય અને આર્થિક રાહતોની ખાતરી મળશે. માનવ સંસ્કૃતિ અને શીલના મોટામાં મોટા

* એમનું મૂળ નામ છે ફ્રૅન્ક બૅન્ક્રૉફ્ટ (આગલા પત્ર માટે જુઓ કુમાર અંક ૨૨૪). બૅન્ક્રૉફ્ટનું ટૂંકું નામ બેની; તેને દાદા (મોટાભાઈ) લાગીને બેનીદાદા થાય, તેનું ટૂંકું રૂપ બંગાળમાં બેનીદા.

શત્રુઓ જર્મની અને જાપાનના યુદ્ધપતિઓ જ હતા અને તેમને નિશ્ચયાત્મકપણે હરાવીને જગતના લોકો ભવિષ્ય માટે એક મજબૂત શ્રદ્ધા સરજી રહ્યા છે.

મારી ખાતરી છે કે હિંદ ઉપર પણ યુદ્ધની અસર થઈ જ હશે, અને મને થાય છે કે એ ખરા રૂપમાં પ્રીછવા હું જાતે ત્યાં હોઉં. અવારનવાર હું અમેરિકામાંના હિંદી મિત્રો સાથે એની ચર્ચા કરું છું. પરંતુ તેમને પણ ત્યાંના બનાવોની માત્ર તુટક માહિતી જ હોય છે. તાજેતરમાં મેં મારા એક મિત્ર કમલા (દેવી) ચટ્ટોપાધ્યાયને એક પત્ર લખ્યો હતો. એમનું સરનામું કાનરા બૅંક મુંબાઇ, એ રીતનું છે. તમે મુંબાઇ જાઓ તો એમને મળવાથી પણ આનંદ થશે. થોડાં વરસ પર એ અમેરિકામાં હતાં ત્યારે અમે તેમનો સારો પરિચય પામેલાં અને તેમનાં ખૂબ પ્રશંસક બન્યાં છીએ.

હાલ તરતને માટે તો આટલું બસ. હમણાં જ બાળકો ટોળાંબંધ આવી પહોંચ્યાં છે અને હું ત્યાં (શાન્તિનિકેતનમાં) 'છાત્રપરિચાલક' (ગૃહપતિ) હતો એ દિવસોનું મને સ્મરણ થઈ આવે છે. એ શબ્દની જોડણી મેં કદાચ ખરી નહિ લખી હોય, પણ મારા કહેવાનો ભાવાર્થ તો સમજ્યા હશો.

ફરી જલદી—ને જરૂર લખજો, પ્રવીણ. તમને અંગતરીતે અમારા સૌના પ્રેમાભિનંદન, અને તમારા મહાન અને વીર દેશને અમારી ખરા હૃદયની શ્રેષ્ઠ શુભેચ્છાઓ.

હૃદયપૂર્વક, Bennyda

નવા પત્રમિત્રો

(૧) રજનીકાન્ત ચોકસી, ૪૫ ગણેશ બાગ, માટુંગા (જી.આઇ.પી.) મુંબાઈ–૧૯; હિંદના બીજા પ્રાંતોના પત્રમિત્રો સાથે પણ સંપર્ક સાધવા ચાહે છે. (૨) રમેશ શેઠ, ૭૪/૧૦ મરીન ડ્રાઈવ, મુંબાઈ–૧; હિંદી તેમજ પરદેશી બંને પ્રકારના પત્રમિત્રો ચાહે છે. (૩) સુરેન્દ્ર જ. અંજારિયા, c/o. વસંતરાય હ. અંજારિયા, હાથી પોળ, વડોદરા; હિંદી તથા ઇંગ્લંડ-અમેરિકાનાં પત્રમિત્રો ઈચ્છે છે, અંગ્રેજી-ગુજરાતી બંનેમાં પત્રવ્યવહાર કરી શકશે. (૪) ભાઈલાલ ભવાનીદાસ મામતોરા, ફાફડા પાડો, કાલીની ડેલીમાં માંડવી-કચ્છ; પરદેશના પત્રમિત્રો મેળવવા ચાહે છે. પત્રવ્યવહાર અંગ્રેજી તેમજ હિંદીમાં ચાલશે (૫) રમેશ ઠાકર, c/o અ. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, કૉલેજ, સૂરત; પત્રમિત્ર ચાહે છે; જસભાઈ પટેલ પો. બૉ. ૧૪૮ મૉમ્બાસા (કેન્યા કૉલૉની); હિંદના પત્રમિત્રો ચાહે છે; કોઈને આફ્રિકાનાં સરનામાની જરૂર હશે તો મોકલશે.

ફોટોગ્રાફી

હરીફાઈ વિષે

છેલ્લા થોડા માસથી અત્યંત જૂજ હરીફોનાં રડ્યાંખડ્યાં ચિત્રો જ આ વિભાગ માટે મળ્યા કર્યાં છે, અને જે મળ્યાં છે તેમાં પણ ગુણવત્તા ખાસ જણાઇ નથી. એ કારણે આ વિભાગ આજ સુધી મોકૂફ રાખવામાં આવ્યો હતો; અને હાલના સંજોગોમાં એ અનિયમિત જ ચાલુ રહેવાની વકી છે. છતાં આ કલાના શોખીનો ધારે તો ખૂબ કાળજી તથા કરકસર કરીને આવા કપરા કાળમાં પણ એ શોખને ચાલુ રાખી શકે. આજ સુધીમાં આટલા માસનાં આવેલાં ચિત્રો જોતાં અમને તેમાં ખાસ કસ જણાયો નથી તે જ હરીફોએ પોતાનાં સાધનસામગ્રી અને તકનો ખૂબ વિવેક અને વિચારપૂર્વક ઉપયોગ કરી જાણ્યો હોત તો બેશક સારાં પરિણામ ઉપજાવી શકાયાં હોત. યુદ્ધના આ કાળમાં સાધન સામગ્રીની તીવ્ર અછત અને મોંઘવારીના સંજોગોમાં એ વિવેકબુદ્ધિ અને સાવચેતી વધારે જાળવીને કામ કરવાની ફરજ બને છે. તેને માટે આટલી વસ્તુઓ સતત લક્ષમાં રાખીને કામ કરવાથી અવશ્ય સારું કામ ઉપજાવી શકાય: (૧) સૌથી પ્રથમ તો તમારા કૅમેરાને પૂરો સમજી લો; તેના લેન્સની શક્તિ, ડાયાફ્રામનો ઉચિત ઉપયોગ તથા કેટલા સમયે ને કયા અંતરે કેટલું એક્સ્પોઝર આપવું તે. ચાંપ દાબતાં પહેલાં દર વખતે, આ ત્રણ વસ્તુની ચોકસાઇ મનમાં રાખો. ગમે તેમ ચાંપ દાબીને ફિલ્મને વેડફી મારો નહિ. (૨) ક્વચિત ગફલતથી કોઈ ભૂલ થઇ જાય તો એ ભૂલ એ જ કારણે તો ફરીથી હરગીઝ ન બનવા પામે તેની સતત કાળજી રાખો. (૩) આવા તંગીના વખતમાં જે કંઈ ચિત્ર લો તે ખૂબ વિચાર અને યોજનાપૂર્વક લો. બેફામ અખતરાઓ પર સમય અને સાધન ખરચી નાખવાનો આ કાળ નથી. પોતાને પાડવાના ચિત્રનો ઉદ્દેશ, તેનું સૌન્દર્યબિન્દુ, તેને માટે યોગ્ય છાયાપ્રકાશનો સમય, વગેરેનો અગાઉથી વિચાર કરી રાખો. અને યોજનાપૂર્વકની યોગ્ય તક લઇને જ ચાંપ દાબો. (૪) આકસ્મિકરીતે મળેલી તક ઝડપી લેવાના સ્નૅપ વખતે પણ આ મુદ્દાઓની મનમાં ત્વરાથી ગણત્રી તો કરી જ લેવી. નકામો સ્નૅપ પાડવા કરતાં ન પાડવો સારો. (૫) એકેએક વસ્તુમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સૌન્દર્ય છુપાએલું હોય જ છે તેને શોધવાની ટેવ પાડો. (૬) ઉદ્દેશહીન ચિત્ર ન પાડો. તમારા ચિત્રમાં કોઈ પણ એક મુખ્ય વસ્તુ ચિત્રનું આકર્ષણ-અંગ હોવી જોઇએ. તેને છાયા-પ્રકાશની રચના ને સુંદર આયોજન વડે તમારી કલાબુદ્ધિથી એવી સરસ રીતે ઉઠાવ આપો કે તમારા ચિત્રનો અર્થ, ભાવ કે ઉદ્દેશ, એ ચિત્ર જોતાંવેંત સમજાઇ આવે. (૭) દરેક કામ જાતે જ કરવાનો આગ્રહ રાખો. એથી કરકસર સાથે આવડત આવશે.

હરીફાઈનું પરિણામ

(૧) પહેલું ઇનામ -મોકૂફ; (૨) 'જાળ ખેંચતા માછીઓ–શંકરલાલ દવે (મદ્રાસ)-બીજું ઈનામ; (૩) 'બીજું કોણ ?'–દિલીપ (ગામનું નામ નથી) નોંધપાત્ર; (૪) 'માની સાથે'–શુકદેવ ભચેચ (અમદાવાદ) નોંધપાત્ર. (ફોટોગ્રાફો માટે જુઓ પૂઠાનું પૃ. ૩)

ભાઇ શંકરલાલ દવેનું 'જાળ ખેંચતા માછીઓ'નું ચિત્ર માછીજીવનનો ખ્યાલ, આપી રહે છે. ચિત્રમાં દરિયો દેખાતો નથી છતાં વાતાવરણ સ્થળ ને કાર્યનો ચિતાર આપવા સમર્થ છે. માછીઓના કામમાં જણાતાં જોશ અને ગતિને આકાશમાંના મોટા વાદળગોટ બળ આપે છે એ ચિત્રનો આયોજનગુણ છે ચિત્ર માટે પસંદ કરેલો કોણ, વાતાવરણ અને ટેકનીક બરોબર છે.

ભાઈ દિલીપે ચિત્રનો વિષય સારો પસંદ કર્યો છે, પણ તેને વિચારપૂર્વક યોજવો જોઇતો હતો. કૅમેરા જરા દૂર રાખીને બાળકને ફોકસમાં લીધું હોત તો ચિત્ર જોરદાર બનત ને ઓરીસાનો આગલો ભાગ મોટો દેખાઇને ચિત્રમાં ક્ષતિ ઉપજાવે છે તે દૂર થાત. ભાઇ શુકદેવ ભચેચના ચિત્રમાં એક અચ્છો વિષય ટેકનીકના અભાવે નિષ્ફળ ગયો છે. ચિત્રનું મુખ્ય વસ્તુ–મરઘી અને તેનાં બચ્ચાં એ બંને–ફોકસ બહાર છે. પ્રિન્ટ પણ નબળો છે. મથાળેથી ૦ા ઇંચ કાપવાથી ચિત્ર વધુ ઉઠાવ પકડત. આવા વિષયનાં તો ધીરજ ને સ્વસ્થતાથી જુદાજુદા કોણથી બેચાર ચિત્રો અભ્યાસદૃષ્ટિએ પાડવાં જોઇએ.

શ્રીદામ ભટ્ટ



(પ્રસ્થાન)

માધુકરી

ભારત જાગે જાગે
જગગ્યા કે જુગજુગ અવધૂતની મુક્તિખંજરી વાગે,—ભારત૦
કદિકદી ઘેરા ઝણુકારે, કદી દૂર આછા ભણકારે,
ચગે જુગો થકી જગપગથારે, ગુંજન મંગલફાગે.—ભારત૦
દશ દિશાથી અંધાર વરસતો, કાલ કઇક પ્રજાઓ ગ્રસતો,
જુગજુગ એવી પળે યે હસતો અકંપ ટેકવિરાગે.—ભારત૦
સ્વાર્થ સળગતી દુનિયા ઠરશે, જ્યારે અંગુલિ કંકુથી ભરશે,
ભારતભાલે સુતિલક કરશે સ્વતંત્રતા સોહાગે—ભારત૦
નિદ્રા એને નયન વશે નહિ, તંદ્રા એને અંગ હજો નહિ;
મુકામ એનો દૂર હવે નહિ, જપે અહર્નિશ આગે.—ભારત૦

—ઉમાશંકર જોષી


સ્વ. સર છોટુરામ

આખો દેશ જ્યારે કોમી વૈમનસ્યથી ઊકળી રહ્યાં છે ત્યારે પોતાના પ્રાન્ત પંજાબને એથી તદ્દન દુર્લંઘ્ય રાખીને કોમવાદના બધા હુમલા નિષ્ફળ બનાવનાર અને 'યૂનિયનિસ્ટ પક્ષ' વડે પંજાબને એક અને અખંડ રાખનાર આ પુરુષવરનો પરિચય આપણને બહુ ઓછો છે. પણ ગઈ તા. ૯મી જાન્યુઆરીએ હૃદયરોગથી અવસાન પામેલા પંજાબના એ જાટ નેતાનું જીવન એ પુરુષાર્થ, નિશ્ચયબલ, કુનેહ અને તાકાતથી મંડિત પ્રેરણાદાયી જીવન હતું.

પંજાબની મોટે ભાગે ખેડૂત એવી જાટ કોમના તાજ વગરના બાદશાહ ગણાતા ને છતાં પંજાબમાં માત્ર 'છોટુ'ના લાડકા નામથી ઓળખાતા એ ધીટ મુત્સદ્દીનું 'છોટુરામ' નામ તો, એ એમના પિતાના સૌથી નાના પુત્ર હોવાથી પડેલું. એમનું જન્મનું નામ રામરખપાલ. ઇ. ૧૮૮૧માં રોહતક જિલ્લામાં, દિલ્હીથી ૨૮ માઇલ દૂર આવેલા ગઢી સંપલા નામના નાના ગામડામાં એક જમીનદાર ખેડૂતને ત્યાં એમનો જન્મ થએલો. માબાપે એમને નિશાળમાં તગડ્યા તે પણ ખાસ એમને ભણાવવાના ઉદ્દેશથી નહિ, પરંતુ એમનાં તોફાનોની રોજિંદી બની ગએલી ફરિયાદોથી અકળાઇને. જોકે પછીથી તો ભણવામાં એમને પોતાને ખૂબ રસ લાગ્યો; પરંતુ માધ્યમિક શિક્ષણ સમાપ્ત થતાં એમના પિતા ચૌધરી સુખીરામે એમને આગળ ભણાવવાનો વિચાર માંડી વાળ્યો. પિતાની ઈચ્છા એમને પટવારી કે પોલીસ કૉન્સ્ટેબલ બનાવવાની હતી. પરંતુ છોટુરામે જબરો ઝગડો માંડ્યો ને કોઈ રીતે નમતું ન આપ્યું. પિતાને છોડી એમણે કાકાનો આશ્રય લીધો અને અનેક મુશ્કેલીઓ વેઠીને પણ ૧૯૦૫માં બી.એ. થયા. એમ. એ.ના ક્લાસમાં એ જોડાએલા, પણ પિતાના અવસાનને કારણે અભ્યાસ છોડીને તેમને નોકરી સ્વીકારવી પડી. કાલાકંકરના રાજાના ખાનગી મદદનીશ મંત્રીનું પદ એમણે સ્વીકાર્યું, પણ પગાર ઓછો લાગતાં થોડા જ મહિનામાં તે છોડી દઇને લાહોર જઈ ત્યાં શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો. ત્યાંથી પાછા કાલાકંકર રાજ્યના કેળવણી ખાતાના વડા અમલદાર તરીકે ત્યાં ગયા. ઇ. સ. ૧૯૧૧માં કાયદાની પરીક્ષા પસાર કરીને વકીલાત શરૂ કરી, અને થોડા જ વખતમાં નામના મેળવી.

ઈ ૧૯૨૦માં મહાસભાનો આદેશ સ્વીકારીને એમણે અસહયોગ આંદોલનોમાં ઝંપલાવ્યું ને પોતાના સઘળા વૈભવવિલાસ તથા એશઆરામને એમણે ઠોકરે માર્યા; પરંતુ દેશની પરાધીનતાથી સતત અકળાતા રહેવા છતાં અહિંસાની ગાંધીજીની નીતિમાં એમની શ્રદ્ધા લાંબી ન ટકી અને ઇ. ૧૯૧૭ની સાલના રોહતકની જિલ્લા કૉંગ્રેસ કમિટીના એ પ્રમુખે કૉંગ્રેસનો ત્યાગ કર્યો. કૉંગ્રેસનો ત્યાગ કરીને પણ એ કશી કોમી પ્રવૃત્તિમાં ન જોડાયા, પણ દેશકાળની પરિસ્થિતિને અનુરૂપ પોતાના પ્રાંતનું નવચણતર કરવા માંડ્યું. એ નવચણતર માટે પંજાબી પ્રજાનાં અખલાસ ને ઐક્ય વિના એમને બીજા કશાની જરૂર ન જણાઈ. એ પ્રથમ પંજાબી હતા ને પંજાબી તરીકેનું જ ગૌરવ લેતા હતા. પંજાબ એક અને અખંડ રહે એ એમનું ધ્યેય હતું. પોતાના પ્રાંતમાં લઘુમતી-બહુમતીના અને કોમવાદના ઝગડા એમને નહોતા જોઇતા; ને હિંદુ મહાસભાના એ જેમ વિરોધી હતા તેમ શીખ લોકોની 'આઝાદ પંજાબ'ની પ્રવૃત્તિથી પણ વિરુદ્ધ હતા.

પંજાબના લોકમાનસને પોતાને અનુકૂળ બનાવવામાં એમણે અદ્‌ભુત કુશળતા દાખવી હતી.



'મને મારું કર્તવ્ય જે રાહે લઇ જશે તે જ રાહે હું જઈશ' એવા એમના સંકલ્પ પાછળ જેટલી મનોદૃઢતા હતી એટલી જ કાર્યપ્રવીણતા પણ હતી. સર સિકંદર હયાતખાનને પોતાના સાથમાં લઇને કોઈ પણ પંથ કે ફિરકાની છાપ વિનાનો એમણે સ્થાપેલો 'યૂનિયનિસ્ટ પક્ષ', કશા કોમી

વૈમનસ્યને સ્થાન આપ્યા વિના, પાકિસ્તાનવાદીઓની આંખમાં કાંણા પેઠે ખટકતો હજુ આજે પણ એ પ્રાંતનો વહીવટ ચલાવ્યે જાય છે. પંજાબમાં મુસ્લિમ લીગનું પ્રધાનમંડળ ઊભું કરવા સામે સર સિકંદરે આ પ્રકારનું જે નિવેદન કરેલું તે પાછળ સર છોટુરામનું જ પીઠબળ રહેલું કે 'પંજાબમાં યૂનિયનિસ્ટ પક્ષને કોઈ તોડી નહિ શકે—હિંદુ અને મુસ્લિમમાં કોઇ ફાટફૂટ પડાવી નહિ શકે.' રાજકારણને ધર્મથી અલગ પાડી દઇને પંજાબના અસ્થિર રાજકારણને સ્થિરતા આપનાર એ મહાનુભાવ પર ખુદ સર સિકંદર એટલા બધા મુગ્ધ હતા કે એક વાર એ કહી ઊઠયા: 'આગામી કેટલાંયે વર્ષો માટે પંજાબને બીજા કોઇ નેતાની જરૂર નહિ રહે ચૌધરી સાહેબે કરેલું કાર્ય એટલું મૂળગામી છે કે આવતી પેઢીઓએ તો એમણે આંકી આપેલા માર્ગે સીધેસીધા ચાલ્યે જવાનું જ રહે છે.'

આ અગ્રગણ્ય પંજાબીની દેશને પડેલી ખોટ એ એકલા પંજાબની નહિ પણ હિંદભરની ખોટ છે.

—'પ્રકર્ષ'

ફોરાં

પટ પટ! તડ તડ તડ! ધડ ધડ ધડ ધડ! વર્ષાદનાં ફોરાં ધરતી ઉપર પડી વાતાવરણમાં ઠંડી ફેલાવે છે અને પાણીના રેલામાં સમાઇ જઈ કે ધરાતલમાં ઊતરી પડી અદૃશ્ય થાય છે. પણ એ અદૃશ્યતા એટલે નાશ નહિ. કારણકે ફોરાં અમર છે, ચિરંજીવ છે. તેની ઉમર મારા ને તમારા કરતાં યે નાનામાં નાની છતાં પૃથ્વી પર વિશાળ સાગરો બંધાયા ને જીવન પાંગર્યું તે કરતાં યે ઘણેરી ઘરડી છે. તેનું કદિ મૃત્યુ નથી. તે સદા જીવંત છે; અજર છે, અમર છે. તેનો અપ્રતિહત પ્રવાહ ચાલુ રહે છે. એક વખત વરાળ રૂપે તો બીજી વખત ઝાકળ, ધુમ્મસ કે વર્ષાદ રૂપે. પૃથ્વી જ્યાં સુધી જીવતી રહેશે ત્યાં લગી તેનો પ્રવાહ ચાલુ જ રહેશે. તે અટકશે ત્યારે જીવનસૃષ્ટિનો અંત આવશે.

બે અબજ વર્ષો પહેલાંની ઘટના. પૃથ્વીનો જન્મકાળ હતો. તે વરાળનાં અસ્તરોથી છવાએલી હતી. વરાળમાં આર્દ્રવાયુનું મિલન થયું અને તેનું વર્ષાદમાં રૂપાંતર થયું. આ સમયે ફોરાંનો જન્મ થયો; અને સૌથી પ્રથમવાર જ આ પૃથ્વીની ધખધખતી ધરા ઉપર તેમનું અવતરણ થયું. જેવાં ફોરાં પડયાં કે તરત જ તેની વરાળ થઈ, અને ફરી વર્ષાદ રૂપે અવતરવા તે વાદળાં સ્વરૂપે આકાશમાં સ્થિર થયાં, ફરી પાછાં વર્ષ્યાં; ફરી વરાળ થઈને ઉપર ગયાં અને આમ ધીમેધીમે ધગધગતી પૃથ્વીને એમણે ઠંડી કરી.

જ્યારે ફોરાં પહેલવહેલાં પૃથ્વી પર પડયાં ત્યારે અહીં નહોતી કોઇપણ જાતની જીવસૃષ્ટિ કે નહોતી વૃક્ષરાજિ. તેમણે પૃથ્વી પર પડી પૃથ્વીને ઠારી. અને પછી વહેળાઓ ને નદીઓના રૂપમાં વહી સરોવરો ને સાગરો છલોછલ ભર્યા. ત્યાંથી પાછા સૂર્યનાં કિરણોએ એમને વરાળ સ્વરૂપ બનાવી આકાશના પટ ઉપર શ્વેત ચાદર શાં બિછાવી દીધાં. વાતાવરણના સંજોગોએ એમને પુનઃ પૃથ્વી પર આણ્યાં.

ફોરાંએ પૃથ્વી પર આવી ધરતીને રસવંતી બનાવી. અઢારે ભાર વનસ્પતિ પેદા થઇ. જીવસૃષ્ટિ અને સ્તનપાયી વંશનાં પ્રથમ જીવ તથા પક્ષીઓ માટે ધાન્ય ફળફળાદિ ધરા ઉપર લચી રહ્યાં.

પૃથ્વીમાં ઊતરી જતાં ફોરાંએ વૃક્ષોનાં મૂળિયાંમાં સિંચન કરી તેમનો દેહ પોષવા માંડયો. સો બસો ફૂટ ઊંડાં ઊતરી જતાં ફોરાંએ એકત્ર થઇ ઝરા, કુવા કે નદીના ઉગમ રૂપે દેહ ધારણ કરવા માંડયો ને ધરાતલ પર પડતાં ફોરાંએ તળાવ-સરોવરો, નદી-સાગરો ને મહાસાગરોને છલોછલ ભરવા માંડયા આ સર્વ સ્થળોએથી ફોરાં, સૂર્યનાં કિરણો દ્વારા શોષાઈ, આંખે ના દેખાય એવું સ્વરૂપ ધારણ કરી, ગગનના ગોળમાં અદૃશ્ય થાય છે અને વાદળાંનું સ્વરૂપ ધારણ કરે છે. જ્યારે વાતાવરણ વાદળાંથી ઠસોઠસ ભરાઇ જાય છે ત્યારે ત્યાંની હવા, સૂર્યકિરણોએ શોષેલી વરાળ, પૃથ્વીને ફોરાં રૂપે ભેટ ધરે છે. ફોરાં આવે છે અને પૃથ્વી પર રસાળતા અને ગરમી લાવે છે.

ફોરાં ગરમી લાવે છે? હા. ધરતી પર વર્ષતાં ઠંડાગાર ફોરાં ધરતીમાં શોષાતાં, ધરતી ઉપરની અને અંદરની ગરમ હવા બહાર ફેંકાય છે. પાંચ રતલ ભરતરના લોખંડને પીગળાવી નાખે એટલી ગરમી એક રતલ ફોરાં ઉપજાવી શકે છે.

ફોરાંનું વાહન છે ધૂળનાં બારીક રજકણો. હવામાં નરી આંખે ના દેખાય તેવાં સંખ્યાતીત એ રજકણો હોય છે. તેના પ્રતાપે જ આકાશની નીલવર્ણી શોભા છે અને પૃથ્વી સૂર્યની અગ્નિઝાળોથી રક્ષાય છે. ઠંડી પડેલી વરાળ આ રજકણોની આસપાસ જ પાણી રૂપે બાઝે છે ને પછી ફોરાંના રૂપમાં પરિણમે છે. જ્યારે વાતાવરણ વરાળ સંઘરી ના શકે એવું બને છે ત્યારે ફોરાં હવા રૂપી વેગીલા અશ્વો સજ્જિત રજકણ રૂપી રથો ઉપર સવાર થઇ વિશુદ્ધ સ્વરૂપે, તેજસ્વી અને ગોળાકાર દેહે, પૃથ્વી પર ઊતરી આવે છે.

આ છે ફોરાંનો જીવનક્રમ. તેમણે પૃથ્વીના ઠેઠ જીવનથી જન્મ ધાર્યો છે અને કરોડો વર્ષ પહેલાં ઉત્પન્ન થએલા પૃથ્વીના ક્ષુદ્ર જીવોથી માંડી, મોટા મોટા સરિસૃપો, ભયાનક ભૂચરો ને વિશાળકાય જલચરોની જીવનલીલા નિહાળતાં, પૃથ્વીની હિમમય દશામાં ઠરી જઈ, ગરમ હવાથી મુક્તિ પામી નવજીવન ધારણ કરતાં, પર્વતો અને ગિરિરાજોને ધોઈ ધફોઈ ફળદ્રુપ ખીણો બનાવતાં, જળથળની ભયાનક રમણીયતાભરી ફેરફારી કરતાં, કાલાતીત સમયથી સમુદ્ર-સાગરો, નદી-નાળાં, તળાવ-સરોવરો, કુવા-ઝરા વગેરેમાં અપ્રતિહત પ્રવાસ ચાલુ રાખતાં, બરફ ધુમ્મસ ઝાકળ કે વર્ષાદ રૂપે દેખા દેતાં, સદા મલિન સ્વરૂપે પૃથ્વી પરથી અદૃશ્ય થતાં ને વિશુદ્ધ સ્વરૂપે જીવન ધારણ કરતાં આજ યુગાન્તરોના યુગાન્તરોથી પૃથ્વી પરની પોતાની પરિક્રમા ચલાવ્યે રાખી છે; આજે પણ આ પણી પાસે આવે છે ને હજુ અનેકાનેક વર્ષો પર્યંત આવ્યા કરશે. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સાબુ

અમેરિકાના 'મર્ક રીપોર્ટ' નામક સામયિકમાં પ્રસિદ્ધ થએલા એક લેખમાં જણાવ્યા મુજબ સૌથી પ્રથમ સાબુ બનાવનાર ચીનાઓ છે અને ઈસુની પૂર્વે બારમી સદીમાં ચીનની પ્રજામાં એનો ઉપયોગ શરૂ થઇ ગયો હતો. બારમી સદીનાં અંતિમ વર્ષોમાં ઇટલી ને જર્મનીના રસ્તે સાબુ બનાવવાની કલા યુરોપમાં પહોંચી, અને તેરમી સદીની મધ્યમાં ફ્રાન્સમાં આવેલા મારસાઈ (માર્સેલ્સ) નગરમાં ઝેતૂનના તેલથી સાબુ બનાવવાનો ઉદ્યોગ શરૂ થયો. ચૌદમી સદીમાં ઇંગ્લંડમાં આ ઉદ્યોગ વિકસ્યો, અને રાજા ચાર્લ્સ પહેલા (ઇ. ૧૬૦૦-૧૬૪૯)ના શાસનકાળમાં લંડનની એક કંપનીને સાબુ બનાવવાનો ઈજારો આપવામાં આવ્યો. આ કંપનીના પેટન્ટથી ફલિત થાય છે કે તે બકરાંની ચરબી અને બીચ નામના ઝાડનાં લાકડાંની રાખને ઉકાળી-સાબુ તૈયાર કરતી હતી. આ રીતે પહેલાં તો નરમ સાબુ (પોટાશ-સાબુ) બનતો હતો, જે ઉપર મીઠા(નીમક)ના સતત પ્રયોગો કરવાથી તે સખ્ત સાબુ (સોડા-સાબુ)માં ફેરવાયો.

(ઉર્દૂ પરથી)

—હેમામુદ્દીન દરગાહવાલા

છબિઘરમાં બેઠક

છબિઘર (સીનેમા ને ટૉકીઝ)માં બરાબર મધ્યની જગ્યા કદિ પસંદ ન કરવી. એ નકામી છે. ધ્વનિવર્ધક યંત્રમાંથી નીકળતા અવાજનાં આંદોલનો, મધ્ય સ્થળની બેઠકો ઉપરથી પસાર થઈ, પાછલી

ભીંત અથડાઈ. પુનઃ ગૃહમાં પાછાં ફરી, નાશ પામે છે. આથી છબિઘરના બરાબર કેન્દ્રની બેઠકોમાં બેઠેલાઓને બબ્બે વખત કર્ણ-પટ ઉપર અથડાતો એ અવાજ અસ્પષ્ટ અને બસૂરો સંભળાય છે. ચિત્ર જોવાની દૃષ્ટિએ તદ્દન પાછલી કે બંને પડખાંની છેડાની બેઠકો ઉચિત નથી. નિષ્ણાતોના કહેવા મુજબ, પડદાથી, પડદાની ઊંચાઇ કરતાં અઢીગણા દૂર અંતરે આવેલી બેઠકો સાંભળવા માટે શ્રેષ્ઠ ગણાય. આ રીતે જોતાં છબિઘરના કેન્દ્ર અને પડદાની વચ્ચેના અંતરની બરાબર મધ્યમાં, અગર તો છબિઘરના કેન્દ્રની જમણી કે ડાબી બાજુએ (પણ છેક ભીંત પાસે નહિ) જે બેઠકો હોય તે જોવા અને સાંભળવાની દૃષ્ટિએ ઉચિત ને યોગ્ય છે. –ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

બનાવટી સિક્કા

આ દેશમાં બનાવટી સિક્કા બનાવનારની ચાલાકી ને કુશળતાની ઘણી અફવાઓ સંભળાય છે. આ વાતનો પડઘો વડી ધારાસભામાં પણ પડ્યો હતો. એક સભ્યે સરકારને પ્રશ્ન પૂછેલો કે 'બનાવટી સિક્કા બનાવનારી એક ટોળીએ ૧૮૬૨માં લાખો રૂપિયા બનાવ્યા હતા અને દરેક લાખમા રૂપિયાને ઓળખાવવા માટે રૂપિયાના કાંગરા આગળ એક નાનું ટપકું મૂક્યું હતું એ વાત શું ખરી હતી?'

આનો ખુલાસો એવો અપાયો હતો કે એવા સિક્કા બનાવટી નહોતા, પણ જુદાંજુદાં રાજ્યો પોતાની ટંકશાળોમાં રૂપિયા પાડતાં હોવાથી અને બ્રિટિશ હિંદના રૂપિયા જૂના થતાં તેની કિંમત ઘટવાનો સંભવ હોવાથી રાજ્યોના રૂપિયા વધી ન જાય તે માટે દર વર્ષે ઇ. સ. ૧૮૬૨ના નામના જ રૂપિયા પાડવામાં આવતા હતા! ૧૧ વરસ સુધી આમ એક જ સાલના રૂપિયા ટંકશાળોમાં પડ્યા હતા ને જુદાંજુદાં વર્ષોના રૂપિયાને ઓળખવા માટે પેલાં ટપકાં કરવામાં આવતાં હતાં.

બધા જ બનાવટી સિક્કા જલ્દીથી ઓળખી શકાતા નથી. વખત આવ્યે જ તેનું ભોપાળું બહાર પડી જાય અથવા તો તેની બારીક તપાસ કરે તો જ ખબર પડે. બનાવટી સિક્કા ઢાળીને તેમજ હાથેથી ઘડીને તૈયાર કરવામાં આવે છે. સાચા સિક્કાનું બીબું બનાવી તેમાં સિક્કાની ધાતુનો પ્રવાહી નાખી સિક્કો બનાવવામાં આવે છે. પણ આવા સિક્કામાં તેના કાંગરા હાથે તૈયાર કરવામાં આવતા હોવાથી તે બરાબર ઊઠેલા હોતા નથી. બનાવટી સિક્કામાં રૂપું વધારે ન હોય ત્યાં સુધી તેની કોર ખરબચડી જ રહે છે.

ઘડેલા બનાવટી રૂપિયા ચાલુ રૂપિયાની માફક પોલાદનાં બે બીબાંની વચમાં તૈયાર કરવામાં આવે છે. પણ તેનું બીબું કેવું બને છે તેના પર તેનો આધાર છે. સારા બનાવટી રૂપિયા મોટે ભાગે આવી રીતે બીબાંમાં નાખી ઘડેલા રૂપિયા હોય છે ને તેમાં રૂપાનું પ્રમાણ ટંકશાળના ખરા રૂપિયા જેટલું જ હોય છે. પણ આવા રૂપિયા મોટી સંખ્યામાં તૈયાર થાય તો જ નફાકારક થઇ શકે.

જ્યારે બનાવટી સિક્કા બનાવનાર ગુનેગારો પકડાય છે ત્યારે તેમનાં ઓજારો, તેમનાં બીબાં અને કાસ્ટિંગને ટંકશાળના સત્તાવાળાઓ પાસે પોલીસ લઇ જાય છે. ત્યાંના અનુભવીઓ તેની તપાસ કરે છે ને બનાવટી સિક્કાઓ સામે કેસ રક્ષણ મેળવવું તેના માર્ગો શોધે છે. (હાંડિયો)

દુનિયાનો મોટામાં મોટો બંધ

ચીનમાં ચુંગકિંગ પાસે યાંગસીક્યાંગ નદી ઉપર દુનિયાનો મોટામાં મોટો બંધ બાંધવાની યોજના હાલ ડૉ. જૉન લુશિયન સૅવેજ કરી રહ્યા છે જો એ યોજના મુજબ બંધ બાંધવામાં આવે તો ૮૩૨૫ કરોડ ઘનફૂટ પાણી તેમાં સમાશે, અને બંધથી રોકાતા પાણીનો જલવિસ્તાર ૬૦૦ થી ૭૦૦ ચો. માઈલ હશે. તેના પડતા પાણીના ધોધમાં ૧૧૦ લાખ કિલોવૉટ વીજળી પેદા કરવાની શક્તિ હશે.

આ યોજના દ્વારા ૭ કરોડ એકર વિસ્તારની જમીનને પાણી પૂરૂં પાડી શકાશે. તે ઉપરાંત મોટામાં મોટો લાભ તો એ થશે કે 'ચીનની આફત' નામથી ઓળખાતી એ યાંગસીક્યાંગ નદીના ગાંડા પૂર ઉપર કાબૂ આવ્યેથી એ પ્રદેશમાં દર વર્ષે તણાઇ જતાં હજારો ગામડાં બચશે, અને પૂર પછી પ્રવર્તતા કારમા દુષ્કાળોમાંથી એ પ્રદેશને કાયમી મુક્તિ મળી જશે.

સાથેસાથે યાંગસીક્યાંગને ધોરી જળમાર્ગમાં ફેરવી નાખવાનું પણ વિચારાઇ રહ્યું છે. તે માટે શુશેન નજીક જલસપાટી સરખી કરવા ટાંકાં (locks) બાંધવામાં આવશે. પરિણામે શાંઘાઇ અને ચુંકિંગ વચ્ચે ૧૦,૦૦૦ ટનનાં વહાણો આવરજાવર કરી શકશે.

'સનસ્ટીલ'

માનવી કુદરતનાં બળોનો ઉપયોગ કરવા માટે નવીનવી તરકીબો કરતો આવ્યો છે ને હજી યે કર્યે જાય છે. યુનાઇટેડ સ્ટેટસના પ્રમુખ રૂઝવેલ્ટના પિત્રાઇ રિચાર્ડ ડેલાનોએ સૂર્યનાં કિરણોની ગરમી દ્વારા સમુદ્રના પાણીનું મીઠા પાણીમાં રૂપાન્તર કરવાનું એક નવું 'સનસ્ટીલ' નામનું બાષ્પીભવન કરનારૂં યંત્ર યોજ્યું છે. એની ખૂબી એ છે કે તે માત્ર એક રતલ વજનનું અને ગજવામાં સમાઈ જાય એવડી કોથળીનું બનેલું છે.

વીનીલાઈટ નામના એક પારદર્શક પ્લાસ્ટિકની કોથળીમાં એક તેવા જ પારદર્શક પડદા વચ્ચે બેથી અઢી ઇંચ લાંબી-પહોળી છિદ્રાળુ વાદળીઓના ૪૦ કે ૫૦ ષટ્કોણ ટુકડાઓ ગોઠવીને તે બનાવાયું છે. ન તો તેમાં યાંત્રિક નળોની આંટીઘૂંટીવાળી ગૂંથણી છે, કે ન તો તેમાં અરીસાઓ કે દર્પણોની અટપટી રચના છે; અને છતાં સમધારણ આબોહવામાં તે યંત્ર આઠ કલાકમાં અર્ધો ગૅલન પાણી શુદ્ધ કરે છે. દરિયાના મીઠાની કણીઓ વાદળીનાં છિદ્રોમાં ભરાઈ રહે છે તેથી તેને વારંવાર સાફ કરવું પડે છે.

બ્રિટિશ અને હિંદી સૈનિકોના માસિક પગાર

(પોતાના દેશ બહાર ફરજ બજાવતી વખતે)

બ્રિટિશ	રૂ. આ.	હિંદી	રૂ. આ.
પ્રાઇવેટ(ત્રણ વર્ષની નોકરી પછી)	૧૧૯–૧૨	પ્રાઇવેટ(ત્રણ વર્ષની નોકરી પછી)	૪૪–૮
નૉન–કમિશન્ડ ઑફિસર		નૉન–કમિશન્ડ ઑફિસર	
કૉર્પોરલ	૧૪૨– ૯	નાયક	૫૬–૦
સાર્જન્ટ	૧૭૧– ૧	હવાલદાર	૬૩–૦
વૉરન્ટ ઑફિસર્સ		વાઈસરૉયના કમિશન્ડ ઑફિસર્સ	
વર્ગ બીજો (સબ. કન્ડક્ટર)	૨૬૨– ૫	જમાદાર	૧૦૮–૫–૧૩૩
વર્ગ પહેલો (કન્ડક્ટર)	૩૦૭–૧૫	સૂબેદાર	૧૮૩–૧૦–૨૨૩

આ માસિક પગાર ઉપરાંત પરણેલા બ્રિટિશ સૈનિકને નીચે મુજબ લગ્નભથ્થું મળે છે: સ્ત્રી માટે રૂ. ૩૦; સ્ત્રી અને એક બાળક માટે રૂ. ૮૬; સ્ત્રી અને ૨ બાળકો માટે રૂ. ૧૩૬; સ્ત્રી અને ૩ બાળકો માટે રૂ. ૧૮૧; અને તે પછી વધારાના દરેક બાળક માટે રૂ. ૪૫. (મધ્યસ્થ ધારાસભામાં મિ. કે. સી. નિયોગીના પ્રશ્નનો જવાબ આપતાં સરકાર વતી મિ. સી. એમ. ત્રિવેદીએ હિંદમાં ફરજ બજાવતા બ્રિટિશ સૈનિકના પગાર, અને પરદેશમાં ફરજ બજાવતા હિંદી સૈનિકના પગાર વચ્ચેનો તફાવત બતાવતું જે નિવેદન રજૂ કરેલું તેના આંકડા.)

આ માસ ઈતિહાસમાં

માર્ચ

તા. ૩ મહાન ઉદ્યોગપતિ અને શાહી સખાવતી જમશેદજી તાતાનો જન્મ, ૧૮૩૯.

તા. ૭ ચેકોસ્લોવાકિયાના રાષ્ટ્રપિતા તથા પહેલા પ્રમુખ ડૉ. મસારિકનો જન્મ, ૧૮૫૦.

તા. ૧૦ હિંદના શક્તિમાન રાજવી વડોદરાના શ્રીમંત સર સયાજીરાવનો જન્મ, ૧૮૬૩.

તા. ૧૪ આફ્રિકાનું આલ્બર્ટ ન્યાન્ઝા નામનું જંગી સરોવર શોધાયું, ૧૮૬૨.

તા. ૧૬ વેરસાઇનું તહનામું જર્મનીને નામંજૂર હોવાની હિટલરની જાહેરાત, ૧૯૩૫.

તા. ૨૦ એલ્બાના ટાપુમાંથી છટકી આવેલા નેપોલિયનનો પારીસમાં પ્રવેશ, ૧૮૧૫.

તા. ૨૫ ગુલામોનો વહેપાર નાબૂદ કરવાનો ધારો ઇંગ્લંડે પસાર કર્યો, ૧૮૦૭.

તા. ૨૮ બાળલગ્ન પ્રતિબંધક સારડા કાયદાનો અમલ શરૂ થયો, ૧૯૩૦.

તા. ૩૦ હિંદ અને ઇંગ્લંડ વચ્ચે પહેલો વિમાની વ્યવહાર શરૂ થયો, ૧૯૨૯.

આ માસની વ્યક્તિવિશેષ

ડેવિડ લિવિંગ્સ્ટન



અનેક વિકટ સાહસો ખેડીને આફ્રિકાના અંધાર ખંડ ઉપરથી પહેલો પડદો હટાવનાર આ જગજાણીતા શોધસફરીનો જન્મ ૧૮૧૩ની ૧૯મી માર્ચે સ્કૉટલંડના ગ્લાસગો પાસે ગરીબ વેપારીને ત્યાં થયો. દિવસે મિલમાં નોકરી કરી રાત્રિશાળામાં ભણીને એ ગ્લાસગો યુનિવર્સિટીનો દાક્તરી સ્નાતક થયો ને ૧૮૪૦માં દક્ષિણ આફ્રિકામાં મિશનરી તરીકે ગયો.

ત્યાં એ અંધારા ખંડ ભેદવાનું એને કૌતુક લાગ્યું, અને ઝામ્બેસી નદીના મૂળની શોધ કરતાં જગતના પ્રચંડ વિક્ટોરીઆ ધોધ ને ન્યાસા તથા બીજાં સરોવર શોધી કાઢ્યાં. નાઈલના મૂળની શોધમાં એ ગુમ થતાં અમેરિકાના ન્યૂ યૉર્ક હેરલ્ડ પત્રે મોકલેલા સ્ટૅનલી નામના પત્રકારે ૧૮૭૧ના ઑક્ટોબરમાં મુશ્કેલીમાં અત્યંત તંગ દશામાં તેને શોધી કાઢ્યો. તબિયતે બેહાલ થઈ ગયા છતાં યાત્રા કરવાની તેણે ના પાડી ને એ સફરમાં જ ૧૮૭૩ની ૧લી મેએ મરણ પામ્યો. ઇંગ્લંડે તેને વેસ્ટમિન્સ્ટર ઍબેમાં દાટી રાષ્ટ્રીય માન આપ્યું. ૩૩ વરસમાં એણે ૩૦ હજાર માઈલનો પગપાળા પ્રવાસ ખેડ્યો હતો.

જાતે કરવું જાતે રળવું જાત વિના શો જાદુ જી
જાતે ઝૂઝવું આગે વધવું જાત વડે ઉદ્ધરવું જી

— રમણિક અરાલવાળા

કલાઈવને મદદ કરનાર અમીચંદની પાંચમી પેઢીએ થયેલા ભારતેન્દુ હરિશ્ચન્દ્રે હિંદી સાહિત્યના ખેડાણ, વૃદ્ધિ ને પ્રચાર પાછળ, તેમજ પોતાની સખીદિલીથી, પોતાની પરંપરાગત અઢળક મિલકતનો એટલો તો ઉદાર વ્યય કર્યો કે પાછલા જીવનમાં એમને ફાકા પડવા લાગ્યા. આ પરથી તેમના હિતસ્વી કાશીનરેશે એક દિવસ હસતાં હસતાં કહ્યું, 'બાબુજી, તમે પ્રતિષ્ઠા મેળવીને કુટુંબનો મોભો તો વધાર્યો, પણ લક્ષ્મી તો ઘટાડી જ.' બાબુ હરિશ્ચન્દ્રે હસીને જવાબ આપ્યો, 'મહારાજ એ લક્ષ્મી એક પછી એક મારા પૂર્વજોને ખાતી આવી છે; તો કુટુંબમાં કોઈ એવો યે પાકવો જોઈએ જે એને પણ ખાઈ જાય !'

કહેવતોના અર્થ—'વોરાજીનું નાકું-પકડ્યું તે કદી છોડે નહિ.' અજ્ઞાન, ગેરસમજ કે મૂર્ખાઈથી પોતે એક વખત લીધેલી વાતને જકથી વળગી રહીને ગમે તેટલું નુકસાન થવા છતાં પણ ન છોડનારાઓ માટે વપરાતી આ કહેવત માટે વાત છે કે ગાડામાં બેઠેલા વોરાજીને, રસ્તામાં આવતા રોડા (ખાડાટેકરા) થી ફેંકાઈ પડતાં બચવા માટે ગાડું હાંકનારે નાકું (ગાડાનું દોરડું) પકડી રાખવાનું કહેલું, તેને બદલે વોરાજીએ પોતાના સૂંથણાનું નાકું પકડી રાખેલું. એને પરિણામે પડી ગયા ત્યારે ગાડાવાળાએ ઠપકો આપતાં વોરાજીએ હજી લગી પકડી રાખેલું પોતાનું નાકું બતાવ્યું.

અનેકાર્થી શબ્દ: **કાંસ**=કાંસાપણું કે વાંક; ત્રાંબા કે પિત્તળનું એ નામનું વાસણ; ફાંસ અથવા ફાંસો; વજન કે કાટલું.

ગણિતગમ્મત: કોઈ પણ એકસરખા છ આંકડા આવે ત્યારે તેને ૭ વડે અચૂક ભાગી શકાશે. ૯૯૯૯૯૯ ÷ ૭ = ૧૪૨૮૫૭. અને એ રીતે બધા જ અંકની બાબતમાં.

એક સેકંડના દસ લાખમા ભાગમાં ફોટોગ્રાફ લઇ શકે તેવો કૅમેરો હમણાં શોધાયો છે. તે વડે, બંદૂકમાંથી નીકળતી ગોળી સામેના નિશાનને ભેદે ત્યાં સુધીની તેની સમગ્ર ક્રિયાનાં ચિત્રો ઝડપી શકાય.

નારિયેળના ચોટલીવાળા કાચલીના અડધિયાની આંખો ઉઘાડી, ચોટલી જરા કૂણી કરીને તેમાં ચાકનો પ્રવાહી રસ ભરીને ક્રિકેટ કે ટેનિસ રમવાની કે બીજી કોઈ ભોંય ઉપર લીટી ઓનાં નિશાન કરવા ફાવશે.




ગયા અંકમાં દર્શાવેલા 'પંચ-માર્ક્ડ'(અડી છાપના) સિક્કા (જે 'પુરાણ' કે 'પણ' અથવા 'ધરણ'ના નામથી ઓળખાતા તે) ઇ. સ. પૂર્વે લગભગ ૮૦૦ વર્ષથી આપણા દેશમાં પ્રચલિત હતા અને તેનો પ્રચાર અશોકના સમયમાં તો તેના સમસ્ત સામ્રાજ્યમાં થયો હતો. બંગાળના સુંદરવનથી કાબુલ (ગાંધાર) સુધી અને દક્ષિણમાં છેક કોઇમ્બતુર સુધી તે વિપુલ સંખ્યામાં મળી આવે છે. તેના ઉપર છાપવામાં આવતી સંજ્ઞાઓના અર્થ વગેરે વિષે હવે પછી વિચારવાનું રાખીને, અહીં આપણે એ જ કાળનો પ્રચલિત એક ગ્રીક સિક્કો (મથાળે આપ્યો છે તે) જોઈએ. એ અશોકના સમકાલીન ઇજિપ્તના ટૉલેમી ફિલાડેલ્ફૉસ નામના ગ્રીક રાજાનો છે. સત્તા ને સમૃદ્ધિમાં તે જેવો બળિયો હતો તેવો જ સાહિત્ય અને વિજ્ઞાનનો આશ્રયદાતા હતો. મહાન ભૂમિતિકાર યુક્લિડ તેના જ કાળમાં ઍલેક્ઝાન્ડ્રિયામાં થઈ ગયો. ઉપરના સિક્કામાં એક (ડાબી) બાજુ તેનો ચહેરો અને બીજી બાજુ સત્તા અને પ્રતાપની સૂચક ગરુડની સંજ્ઞાની આસપાસ તેનું નામ ગ્રીક લિપિમાં આલેખેલું છે.

આપણી ચામડીમાં ૨૫ લાખ જેટલાં છિદ્રો આવેલાં છે.



સુરીનામ (દક્ષિણ અમેરિકામાં આવેલા ડચ ગાયના) અને તેની આસપાસના પ્રદેશમાં થતાં આ દેડકાંની માદા પોતાની પીઠ પર ઇંડાં સેવે છે. ઇંડાંની સંખ્યા લગભગ ૧૦૦ની હોય છે; અને એટલાં બારીક હોવા છતાં તે દરેક જુદા કોઠલામાં હોય છે. ત્રણ માસ આ રીતે પીઠ પર સેવાયા બાદ તેમાંથી દેડકાં નીકળે છે.



જહાંગીરના દરબારમાં સર ટૉમસ રો

ઈ.૧૬૧૨માં અંગ્રેજોએ સુરતમાં વેપારી કોઠી નાખ્યા બાદ ઇંગ્લંડના રાજા જેમ્સ પહેલાના એલચી સર ટૉમસ રોએ અજમેર મુકામે મુઘલ શાહાનશાહ જહાંગીરની મુલાકાત લીધી તે સમયનું દૃશ્ય. ઇંગ્લંડની દીવાને આમ (હાઉસ ઑવ કૉમન્સ)માં સર વિલિયમ રૉથેન્સ્ટાઇને આલેખેલું ચિત્ર.







ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ (જુઓ પૃ ૭૨)

ડાબી બાજુથી: (૧) 'જાળ ખેંચતા માછીઓ': શંકરલાલ દવે (મદ્રાસ)-બીજું ઇનામ; (૨) 'માની ઓથે': શુકદેવ મહેચ (અમદાવાદ) નોંધપાત્ર; (૩) બીજું કોણ?: દિલીપ-નોંધપાત્ર.